RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૩    શુક્રવાર, તા.૨૬-૦૪-૨૦૨૪    અંક : ૨૨૮ વર્ષ : ૨૧    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

# આજે ૮૮ બેઠકો પર મતદાન

**પહેલા તબક્કામાં નબળા મતદાન પછી આ તબક્કામાં મતદારોને બુથ સુધી લાવવા પક્ષોને રહેશે ભારે કવાયત**

## રાહુલ ગાંધી, શશિ થરૂર, હેમા માલિની સહિતના દિગ્ગજોનો ભાવિનો મતદારો કરશે ફેંસલો

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીના બીજા તબક્કા હેઠળ આજે ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર મતદાન થવાનું છે. ૨૬ એપ્રિલે કેરળની તમામ ૨૦ સીટ પર, કર્ણાટકની ૨૮ સીટોમાંથી ૧૪ સીટ પર, રાજસ્થાનમાં ૧૩ સીટ પર, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં ૮-૮ સીટો પર, મધ્યપ્રદેશની ૭ સીટ પર, આસામ અને બિહારમાં ૫-૫ સીટ પર મતદાન થશે, જ્યારે છત્તીસગઢ અને પશ્ચિમ બંગાળમાં ૩-૩ બેઠકો



પર અને મણિપુર, ત્રિપુરા અને જમ્મુ-કાશ્મીરમાં ૧-૧ બેઠક પર મતદાન થશે. જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા હેઠળ ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર મતદાન થયું હતું, જેમાં લગભગ ૬૫.૫ ટકા મતદાન થયું હતું.૨૬ એપ્રિલે યુપીની જે ૮ લોકસભા બેઠકો માટે મતદાન થવાનું છે તેમાં અમરોહા, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહર, અલીગઢ અને મથુરાનો સમાવેશ થાય છે. બીજા તબક્કાના મતદાનમાં ૯૧ ઉમેદવારોનું ભાવિ નક્કી થશે. તેમાં ત્રીજી વખત મથુરાથી ચૂંટણી લડી રહેલી હેમા માલિની અને મેરઠથી ચૂંટણી લડી રહેલા અરુણ ગોવિલ પણ સામેલ છે. બીજા તબક્કામાં અનેક દિગ્ગજોની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. તેમાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખર (તિરુવનંતપુરમ), બીજેપી નેતા તેજસ્વી સૂર્યા (કર્ણાટક), મથુરાથી હેમા માલિની, મેરઠથી અરુણ ગોવિલ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી (વાયનાડ), તિરુવનંતપુરમથી શશિ થરૂર, કર્ણાટકના ડેપ્યુટી સીએમ ડીકે શિવકુમારના ભાઈ ડી.કે. સુરેશ (કોંગ્રેસ) અને કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી એચડી કુમારસ્વામી (જેડીએસ) સામેલ છે.

## મોદી અને રાહુલની સ્પીચ પર ચૂંટણીપંચ દ્વારા નોટિસ

### ભાષણમાં નફરત ફેલાવવાનો આરોપ; BJP-કોંગ્રેસ પાસેથી જવાબ માગ્યા

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનાં નિવેદનો પર વાંધો ઉઠાવ્યા બાદ ચૂંટણીપંચે સંજ્ઞાન લીધું છે. આચારસંહિતા ભંગના આરોપમાં પંચે ભાજપ અને કોંગ્રેસને નોટિસ મોકલીને જવાબ માગ્યો છે. ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ એકબીજાના વરિષ્ઠ નેતાઓ પર ધર્મ, જાતિ, સમુદાય અને ભાષાના આધારે નફરત અને ભાગલા પાડવાનો આરોપ લગાવ્યો છે. બંને પક્ષોને ૨૯ એપ્રિલના રોજ સવારે ૧૧ વાગ્યા સુધીમાં જવાબ દાખલ કરવા સૂચના આપવામાં આવી છે.

ભાજપએ સોમવારે ચૂંટણીપંચને કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દેશમાં ગરીબી વધવાના ખોટા દાવા કરી રહ્યા છે. ભાષાના આધારે દેશને ઉત્તર-દક્ષિણમાં વહેંચવામાં આવી રહ્યો છે. તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. કોંગ્રેસ પાર્ટીએ 'સંપત્તિની વહેંચણી' પર પીએમ મોદીના નિવેદન પર કાર્યવાહી કરવા માટે સોમવારે પંચને ફરિયાદ કરી હતી. કોંગ્રેસે આ નિવેદનને વિભાજનકારી, ખરાબ ઈચ્છાથી ભરેલું અને ચોક્કસ સમુદાયને નિશાન બનાવનાર ગણાવ્યું હતું.

ચૂંટણીપંચે બંને પક્ષોના પ્રમુખોને જનપ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૭ હેઠળ જવાબ આપવા કહ્યું છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર આરોપ લગાવ્યો હતો અને બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાએ રાહુલ ગાંધી પર આચારસંહિતા ભંગનો આરોપ લગાવ્યો હતો.

### રામ મંદિર અને કરતારપુર અંગેના વિધાનોમાં મોદીને કલીનચીટ

ચૂંટણી પંચે એક મહત્વના ચુકાદામાં ભાજપ માટેના ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે રામ મંદિરના નામે લોકોને મત આપવા ઉપરાંત કરતારપુર સાહેબ કોરીડોરના મુદે શીખોને મતદાનની અપીલ કરી તેને ચૂંટણી પંચે આચારસંહિતાનો ભંગ ગણાવ્યો નથી. પરંતુ મોદી દ્વારા કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા સામે પ્રશ્ન ઉઠાવીને તેને મુસ્લિમ લીગનો ચૂંટણી ઢંઢેરો અને જે રીતે કોંગ્રેસ પક્ષ અનામતથી લઈ મિલ્કતોમાં મુસ્લિમોને વહેંચી દેશે તે જે વિધાનો કર્યા હતા તે મુદે ચૂંટણી પંચ હવે તપાસ કરશે.

## હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે તત્કાલીન વડોદરા મ્યુનિ.કમિ. સામે ડિસિપ્લિનરી પગલાં લેવા આદેશ

### હાઇકોર્ટે કહ્યું- કોન્ટ્રાક્ટ આપનારા તમામને નોકરીમાંથી દૂર કરી દેવા જોઇએ

વડોદરા,

ગત ૧૮ જાન્યુઆરીએ હરણી લેકઝોનમાં ૧૨ બાળક સહિત ૧૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ દુર્ઘટના મામલે હાઈકોર્ટમાં સુઓમોટો સુનાવણી થઈ રહી છે. આ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે વડોદરાના તત્કાલીન મ્યુનિસિપલ કમિશનર સામે ડિસિપ્લિનરી પગલાં લેવા માટે અર્બન હાઉસિંગના સેક્રેટરીને આદેશ કર્યો છે. આ તપાસ IAS નિયમોના પરિપ્રેક્ષ્યમાં થશે. આ ઉપરાંત હાઈકોર્ટે સવાલ કર્યો કે કોન્ટ્રાકટર પાસે લાયકાત ના હોવા છતાં પહેલી વખત કોન્ટ્રેક્ટ નહોતો અપાયો તો બીજી વખત ફક્ત બે મહિનામાં લાયકાત કેવી રીતે આવી ગઈ?

ગુજરાત હાઈકોર્ટમાં ચીફ જજ સુનિતા અગરવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ વડોદરા હરણી તળાવ બોટ દુર્ઘટના મામલે સુઓ મોટો પિટિશન ઉપર આજે વધુ સુનવણી હાથ ધરાઈ હતી. ગત સુનવણીમાં કોર્ટે હરણી તળાવ રી-ડેવલોપમેન્ટ કોન્ટ્રાક્ટ આપવાના તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂકવા જણાવ્યું હતું. જે મુદ્દે આજે વડોદરા મ્યુનિસિપલ કમિશ્નરે સોગંદનામા ઉપર તમામ રેકોર્ડ કોર્ટ સમક્ષ મૂક્યો હતો. ફર્સ્ટના એડવોકેટે જણાવ્યું હતું કે આ કેસ સંદર્ભે કુલ ૧૧ ફાઈલો છે, જે આશરે ૦૪ હજાર પાનાની છે.આ એફિડેવિટમાં જણાવવામાં આવ્યું હતું કે સૌપ્રથમ જ્યારે હરણી તળાવને વિકસિત કરવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું ત્યારે બે વ્યક્તિઓએ બીડ ભરી હતી.

## જ્ઞાનવાપી મસ્જિદ પર ફેંસલો આપનાર જજને ધમકી

### ઈન્ટરનેશનલ નંબરોથી સતત જાનથી મારી નાખવાની ધમકીઓ : જજે પોતાનુ સુરક્ષા કવર વધારવા રજૂઆત કરી

વારાણસી

વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદને લઈને ઐતિહાસિક નિર્ણય આપનાર સિવિલ જજ રવિ દિવાકરને ધમકીનો દોર સતત ચાલુ છે. કેટલાક દિવસો પહેલા જજનુ સુરક્ષા કવર ઘટાડીને એક્સ કેટેગરીનુ કરાયુ હતુ. હાલ સતત મળતી ધમકીને પગલે સુરક્ષા કવર વધારીને વાય કેટેગરીનુ કરવાની માંગ કરાઈ છે.

જજે આરોપ લગાવ્યો છે કે, તેમને ઈન્ટરનેશનલ નંબરોથી સતત જાનથી મારી નાખવાની ધમકીઓ મળતી રહી છે. અલાહાબાદ હાઈકોર્ટે તેમને અને તેમના પરિવારને વાય શ્રેણીની સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનો આદેશ કર્યો હતો, જેને બાદમાં ઘટાડીને એકસ શ્રેણીની કરવામાં આવી હતી. જજ રવિ દિવાકરની હાલમાં જ બરેલીમાં બદલી થઈ છે.

ઉલ્લેખનીય છે કે, જજ દિવાકરની સુરક્ષામાં હાલ બે સુરક્ષાકર્મી તૈનાત છે. જજના એક સહયોગીએ જણાવ્યુ હતુ કે. આટલી સુરક્ષા પર્યાપ્ત નથી. કારણ કે આ બંને સુરક્ષાકર્મીઓ આટોમેટીક બંદુક અને આધુનિક હથિયારો ધરાવતા આતંકવાદીઓનો મુકાબલો કરવા માટે જરૂરી હથિયારોથી સજ્જ નથી.

## બિહારમાં JDU નેતાની ગોળી મારી હત્યા

### સમર્થકોનો હોબાળો, રોડ પર કર્યા ચક્કાજામ

પટણા,

લોકસભા ચૂંટણીને કારણે દેશભરમાં રાજકીય માહોલ ગરમાયો છે, એવામાં બિહારમાં પટનાના પુનપુન વિસ્તારમાં જનતા દળ યુનાઈટેડના નેતા સૌરભ કુમારની ગોળી મારીને હત્યા થતા ચકચાર ફેલાઈ ગઈ છે. આ ઘટના બાદ નેતા સમર્થકો રોષે ભરાયા છે, લોકોએ પટના-પુનપુન રોડ બ્લોક કરીને હોબાળો મચાવ્યો છે.

ઘટનાની જાણકારી મુજબ JDUના નેતા સૌરભ કુમારની પટનાના પુનપુન વિસ્તારના પાઈમાર ગામ પાસે બેલડિયા પુલ પાસે ગુનેગારોએ ગોળી મારીને હત્યા કરી હતી. ફાયરિંગમાં તેમના એક મિત્ર મુનમુન કુમાર ઘાયલ થયા છે. તેમને સારવાર માટે પટનાની કાંકરબાગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેની હાલત નાજુક હોવાના અહેવાલ છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મામલાની તપાસ શરૂ કરી હતી. બીજી તરફ ઘટનાની જાણ થતાં જ ગામના લોકો વિરોધ પ્રદર્શન કરવા રસ્તા પર આવી ગયા હતા. લોકોએ પટના-પુનપુન રોડ બ્લોક કરી દીધો હતો. પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓએ લોકોને શાંત કરવાના પ્રયાસ કર્યા હતા. સ્નિફર ડોગ્સ સાથે ફોરેન્સિક સાયન્સ ટીમને સ્થળ પર પહોંચી હતી.

## રાજસ્થાનના બાડમેરમાં ભારતીય વાયુસેનાનું UAV વિમાન થયું ક્રેશ

### આ વિમાનનો ઉપયોગ સરહદી વિસ્તારમાં જાસૂસી ગતિવિધિઓ પર નજર રાખવા માટે થાય છે

બાડમેર,

ભારતીય વાયુસેનાનું એક જાસૂસી વિમાન ગુરુવારે રાજસ્થાનના જેસલમેર જિલ્લાના એક ગામમાં ક્રેશ થયું હતું. આ દુર્ઘટનાની માહિતી મળતાં જ જિલ્લા પ્રશાસનની સાથે વાયુસેનાના અધિકારીઓ પણ જિલ્લા મુખ્યાલયથી ૩૦ કિલોમીટર દૂર રોઝાની ધાની જજિયા ગામે પહોંચ્યા હતા. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિની માહિતી સામે આવી નથી.

વાયુ સેનાના ટોહી વિનાનમાં પાઈલટ હોતા નથી, તેને રિમોટ કંટ્રોલ દ્વારા ઓપરેટ કરવામાં આવે છે. આ વિમાનનો ઉપયોગ સરહદી વિસ્તારમાં જાસૂસી ગતિવિધિઓ પર નજર રાખવા માટે થાય છે. જેસલમેરના પિથલા ગામ પાસે આ પ્લેન જોરદાર ધમાકા સાથે ક્રેશ થયું હતું. જોરદાર વિસ્ફોટ સાંભળતા જ આસપાસના લોકો પ્લેન ક્રેશ સ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતનું કારણ જાણવા માટે કોર્ટ ઓફ ઈન્ક્વાયરીની રચના કરવામાં આવી છે.

## બિહારના પટણા રેલવે સ્ટેશન પાસેની હોટલમાં ભીષણ આગથી ૬ ભડથું

પટણા,તા.૨૫

બિહારના પટણા રેલવે સ્ટેશન પાસે આવેલી પાલ હોટલમાં ગુરુવારે ભીષણ આગ લાગી હતી. આ ઘટનામાં છ લોકોના મોત થયા હતા. પાલ હોટલમાં લાગેલી આજુબાજુની હોટલોમાં પણ ફેલાઈ હતી અને ત્યાં પણ બધુ ખાખ કરી નાખ્યું હતું. આગ એટલી ભીષણ હતી કે નીચે પાર્કિંગમાં પડેલી ૬ ગાડીઓ પણ સળગીને ખાખ થઈ ગઈ હતી. આગ લાગ્યાંના અડધા કલાકમાં તો આખી બિલ્ડિંગ ધૂમાડાથી ભરાઈ ગઈ હતી. આજુબાજુમાં ઘણી હોટલો આવેલી છે ત્યાં પણ આગ ફેલાતાં ભારે અફરાતફરી મચી હતી. આગના સમયે હોટલમાં ઘણા લોકો હતા તેમને તાબડતોબ બહાર કાઢી લેવામાં આવ્યાં હતા.

માહિતી મળતા જ ફાયરના અનેક ટેન્ડરો થોડીવારમાં ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ બુઝાવવામાં લાગી ગયા હતા. ૫૧ ફાયર ટેન્ડરની મદદથી બે કલાકની મહેનતથી આગ પર કાબુ મેળવ્યો હતો. હોટલ અને નજીકની ઈમારતમાંથી ૪૫ લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

## કેજરીવાલની ધરપકડ યોગ્ય સુપ્રીમ કોર્ટમાં EDની એફિડેવિટ

### ૬ મહિનામાં ૯ સમન્સ મોકલ્યા, તેઓ જવાબ આપવા આવ્યા નહીં : ધરપકડ પણ તપાસનો એક ભાગ

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ દિલ્હી લિકર પોલિસી કેસમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડ વિરુદ્ધની અરજીનો વિરોધ કર્યો છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં EDએ કહ્યું કે ઘણી વખત સમન્સ મોકલવામાં આવ્યા છતાં તેમણે એજન્સીને સહકાર આપ્યો નથી.

EDએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે નવ વખત સમન્સ મળ્યા છતાં કેજરીવાલ પૂછપરછ કરવાનું ટાળી રહ્યા છે. તેમના વલણના કારણે જ તપાસ અધિકારીને તેમની ધરપકડનું કારણ મળ્યું. આ ઉપરાંત તપાસ અધિકારી પાસે હાજર બાબતોએ પણ તેઓ દોષિત હોવાનું સાબિત કરવામાં મદદ કરી છે.

## ભારતના સિયાચીન ગ્લેશિયરમા ચીનનો અનઅધિકૃત રોડઃ સેટેલાઈટ તસવીરો વાયરલ

### ભારત અને ચીન વચ્ચે ફરી વિવાદ થઈ શકે છે કારણ કે ચીન સિયાચીન ગ્લેશિયરની ઉત્તર દિશામાં નવો રોડ બનાવી રહ્યું છે



નવીદિલ્હી,તા.૨૫

ભારત અને ચીન વચ્ચે ફરી વિવાદ થઈ શકે છે. કારણ કે ચીન સિયાચીન ગ્લેશિયરની ઉત્તર દિશામાં નવો રોડ બનાવી રહ્યું છે. સેટેલાઈટ ફોટાના કારણે આ વાત સામે આવી છે. ચીન અહીં કોંક્રીટ રોડ બનાવી રહ્યું છે. આ રોડ ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીરમાં છે. એટલે કે સિયાચીનની ઉત્તરે દુનિયાનું સૌથી ઊંચું યુદ્ધક્ષેત્ર છે.પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરનો એક ભાગ ૧૯૬૩માં ચીન પાસે ગયો હતો. અહીં શાક્સગામ વેલી છે. ચીન આ ખીણમાં તેના હાઈવે ૪૨૧૯નું વિસ્તરણ કરી રહ્યું છે. આ વિસ્તાર ચીનના શિનજિયાંગમાં આવે છે. તે સિયાચીન ગ્લેશિયરના ઈન્દિરા કોલથી ૫૦ કિલોમીટર ઉત્તરમાં છે. રસ્તાના કોઓર્ડિનેટ્સ છે

ઈન્દિરા કોલ એ જ જગ્યા છે જ્યાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે માર્ચમાં બે વખત મુલાકાત લીધી હતી. આ સેટેલાઈટ તસવીરો યુરોપિયન સ્પેસ એજન્સી દ્વારા લેવામાં આવી છે. આ પછી ઈન્ડિયા ટુડે ઓપન-સોર્સ ઈન્ટેલિજન્સ એ તેમની તપાસ કરી. ત્યારે ખબર પડી કે આ રોડ ગયા વર્ષે જૂનથી ઓગસ્ટ વચ્ચે બનાવવામાં આવ્યો હતો.

ભારતીય સેનાના ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સના પૂર્વ કમાન્ડર લેફટનન્ટ જનરલ રાકેશ શર્માએ કહ્યું કે ચીન દ્વારા બનાવવામાં આવી રહેલો રસ્તો સંપૂર્ણપણે ગેરકાયદે છે. ભારતે આ બાબતનો રાજદ્વારી રીતે વિરોધ કરવો જોઈએ. કારગીલ, સિયાચીન ગ્લેશિયર અને પૂર્વ લદ્દાખમાં માત્ર ફાયર એન્ડ ફ્યુરી કોર્પ્સ તૈનાત છે. તેઓ ત્યાં સુરક્ષાનું ધ્યાન રાખે છે.આ રોડના નિર્માણના પ્રથમ સમાચાર એક્સ પર પ્રકૃતિ દેસાઈ નામના હેન્ડલ પર દેખાયા હતા. આ હેન્ડલ ભારત-તિબેટ સરહદ પર નજર રાખે છે.

આ રોડ ટ્રાન્સ-કારાકોરમ ટ્રેક્ટ પર છે. એટલે કે જે વિસ્તાર પહેલા કાશ્મીરનો ભાગ હતો. તેના પર ભારતનું શાસન હતું. કલમ ૩૭૦ હટાવ્યા બાદ ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નવા નકશામાં આ વિસ્તારને પણ ભારતીય સરહદની અંદર દર્શાવવામાં આવ્યો છે. આ માર્ગ લગભગ ૫૩૦૦ ચોરસ કિલોમીટરનો છે. જે ૧૯૪૭ના યુદ્ધમાં પાકિસ્તાને કબજે કરી લીધું હતું. જે બાદ તેણે દ્વિપક્ષીય સરહદ કરાર હેઠળ તેને ફરીથી ચીનને સોંપી દીધું.

ભારત આ કરારને સ્વીકારતું નથી. ભારતીય સંરક્ષણ નિષ્ણાતો હંમેશા કહેતા આવ્યા છે કે અધિકૃત કાશ્મીરના આ ભાગમાં જો કોઈ ફેરફાર કરવામાં આવશે.

# નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે SVEEP અને TIP અન્વયે કાર્યક્રમો યોજાયા



## નાગરિકોની વધુ અવરજવર હોય તેવા વિવિધ સ્થળો ખાતે "જંગલમાં રાજા સિંહ, ચૂંટણીમાં રાજા મતદાર" સેલ્ફી પોઈન્ટ બનાવી મતદાતા જાગૃતિ ફેલાવવામાં આવી

(અતુલ કારિયા) અમરેલીઃ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને નાગરિકોમાં મતદાન માટે જાગૃત્તિ આવે તે માટે સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસરાવવાની કામગીરી શરુ છે.

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના નાની કુંકાવાવ ગામ ખાતે ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યાના અધ્યક્ષસ્થાને "ચુનાવ પાઠશાળા" કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ અને મહિલાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી મહત્તમ મતદાન માટે અપીલ કરવામાં આવી હતી. ગ્રામજનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા.

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના નાની કુંકાવાવ ગામ ખાતે ટર્ન આઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ "મતદાન જાગૃતિ સ્ટોલ" ની મુલાકાત લીધી હતી. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન કરવા અનુરોધ કર્યો હતો. નાગરિકોએ મતદાનના શપથ લીધા હતા. અમરેલી શહેરના વિવિધ વિસ્તારોના મતદાતાઓને આવરી લેતા મતદાતા જાગૃતિ કાર્યક્રમ અન્વયે ચુનાવપાઠ શાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ દ્વારા મહિલાઓને મતદાન વિશે સમજ આપવામાં આવી હતી. મહિલાઓને અચૂક મતદાન કરવા સમજૂત કરવામાં આવ્યા.

સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે ચુનાવ પાઠશાલા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મતદારોને તથા તેમના પરિવાર અને આસપાસના મતદારોને મતદાન માટે અનુરોધ કરવા જણાવવામાં આવ્યું હતું. ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓએ નાગરિકોને અચૂક મતદાન કરવા અપીલ કરી હતી. મતદાનનું મૂલ્ય સમજીને પરિવારના સભ્યો મતદાન કરે અને પરિવારની મહિલાઓને પણ મતદાન માટે અનુરોધ કરે તે બાબતે મતદાતાઓને જાગૃત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોને મતદાન કરવા અને મહિલા સહિત અન્ય પાંચ નાગરિકોને મતદાન કરવા પ્રેરિત કરવા શપથ લીધા હતા. સાવરકુંડલાના વિવિધ વિસ્તારો ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયા હતો. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં વધુ નાગરિકોને મતદાન અંગે જાગૃત્ત કરવા માટે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. એક નાગરિક દ્વારા અન્ય પાંચ નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી મતદાન કરવા અપીલ કરવામાં આવશે, તે અંગે પણ સમજ આપવામાં આવી હતી.

મતદાતા જાગૃતિ સઘન અભિયાન અન્વયે અમરેલી નગરપાલિકા ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ચૂંટણી ફરજ પરના અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ દ્વારા અમરેલી શહેર અને તાલુકાના દુકાનધારકો, રેસ્ટોરન્ટ, હોટલ મેડિકલ સ્ટોર વગેરેના માલિકો તથા જિલ્લા વેપારી મંડળ-ચેમ્બર ઓફ કોમર્સના હોદ્દેદારોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી નાગરિકોને મતદાન માટે જાગૃત કરવા સહભાગી થવા અનુરોધ કર્યો હતો. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે દરેક નાગરિક તથા પરિવારજનો અને વિવિધ સ્થળો પર ફરજ બજાવતા કર્મચારીઓને પણ મતદાન કરવા મળે તે માટે તેમને સવેતન રજા આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. મતદાતા દ્વારા મતદાન કર્યાનું ચિન્હ દેખાડવામાં આવે તો તેમને ૭% અવસર વળતર આપવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી. ધારી તાલુકાના ભાડેર ગામ ખાતે શ્રમિકોને "મતદાર જાગૃતિ અભિયાન" કાર્યક્રમ અંતર્ગત લોકોને મતદાન કરવા અને અન્ય નાગરિકોને પણ મતદાન માટે જાગૃત્ત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. નાગરિકોની વધુ અવરજવર હોય તેવી વિવિધ સરકારી કચેરીઓ ખાતે "જંગલમાં રાજા સિંહ, ચૂંટણીમાં રાજા મતદાર" સેલ્ફી પોઈન્ટ બનાવી મતદાતા જાગૃતિ ફેલાવવામાં આવી.

# ધારી તાલુકામાં મતદાન જાગૃત્તિ અર્થે સઘન અભિયાનઃ મતદાતા જાગૃત્તિ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન

## મતદાન બાદ ધારી તાલુકાના મતદાતાઓને વિવિધ રેસ્ટોરન્ટ અને ભોજન ગૃહમાં વળતરનો લાભ મળી શકશે



અમરેલીઃલોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત વધુમાં વધુ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. વધુમાં વધુ મતદાન જાગૃત્તિ અર્થે ધારી તાલુકાના વિવિધ રિસોર્ટ અને હોટેલ માલિક, મેડિકલ, કાપડ અને ડાયમંડ એસોસિએશન, સાથે ધારી પ્રાંત અને મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીની અધ્યક્ષ સ્થાને બેઠક ધારી ખાતે યોજાઈ હતી. તા.૦૭ મે, ૨૦૨૪ના રોજ મતદાન બાદ મતદાતા તા.૦૮ મે,૨૦૨૪ સુધી ધારી તાલુકાના વિવિધ રિસોર્ટ ખાતે મતદાન કર્યાનું નિશાન બતાવી લિયોનિયા રિસોર્ટ-ધારી (બારોટ કશ્યપભાઇ મો.૯૭૩૭૬ ૫૭૧૦૧) અને લેકવ્યુ રીસોર્ટ-ધારી (ગજેરા અશ્વિનભાઈ મો. ૯૪૨૭૨ ૩૧૬૬૬) ખાતે ગ્રાહક તરીકે ૭ ટકા ડિસ્કાઉન્ટનો લાભ લઈ શકે છે. મતદાતાઓએ મતદાન બાદ એક માસ સુધી ૭ ટકા વળતર આપવા માટે ધારીના પટેલ ડાયનીંગ હોલ (ગજેરા અશ્વિનભાઈ મો. ૯૪૨૭૨ ૩૧૬૬૬)એ તૈયારી બતાવી હતી.

બેઠકમાં ધારી તાલુકા વેપારી, ડાયમંડ એસોસિએશન, ધારી તાલુકાઓની વિવિધ દુકાનો અને કારખાનામાં કામ કરતાં કર્મચારીઓને તા. ૦૭.૦૫.૨૦૨૪ના રોજ મતદાનના દિવસે સવેતન રજા મળી રહે તે માટે સંબંધિત વેપારીશ્રીઓને-કારખાનેદારોએ સહમતિ દાખવી હતી.

# સાવરકુંડલાઃશ્રી વીઠ્ઠલેશ પાઠશાળા ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું

સાવરકુંડલાઃ

સાવરકુંડલા ખાતે શ્રી વીઠ્ઠલેશ પાઠશાળા જેસર રોડ ઉપર આપશ્રીની આજ્ઞાથી ઘણા વર્ષથી પુષ્ટિ માર્ગીય પાઠશાળા બાલકો માટે ચાલી રહી છે જેમાં સંચાલક નીલમબેન લાડવા તથા અન્ય બહેનોના સહકારથી બાલકોને પુષ્ટિ માર્ગનુ પાયાનુ જ્ઞાન આપવામાં આવી રહ્યું છે હાલ સમર વેકેશનને લઈ એક આયોજન કરવામાં આવેલ જેમાં પાંચ વર્ષથી લઈને ચૌદ વર્ષના બાળકોએ ભાગ લીધેલ વિવિધ સ્પર્ધા રાખેલ જેમકે ચિત્રકામ રંગોલી માટીકામ પુષ્ટિમાગ્રિય તથા શ્રીંગાર પ્રશ્નોતરી રમતગમત વિગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ આ કાર્ય સફળ બનાવવા જેમને પાઠશાળાની શરૂઆતથી જ પોતાના મકાનની અંદર જ ચાલુ કરવા પરમ ભગવદીય ભરતભાઈ બૂહા તેમજ આજુબાજુવાળાએ ખુબ જ સહકાર આપી રહ્યા છે વધુમાં બાળકોને વધુ પ્રોત્સાહન આપવા માટે શ્રી મહાપ્રભુજી બેઠકજીના કમિટીભાઈઓ તથા બહેનોએ હાજરી આપેલ જેમાં વિજયભાઈ



વસાણી, કીર્તિભાઈ રૂપારેલ, અરવિંદભાઈ ખીમાણી, હસુભાઈ વડેરા, વલ્લભભાઈ રાદડીયા, મુકુંદભાઈ ચંદારાણાએ હાજરી આપી બાળકોને પ્રોત્સાહિત કરેલ. આ તકે નીલમબેન લાડવા દ્વારા બાળકોના હાથે આવેલા વડીલોને પુષ્પગુચ્છથી સન્માનિત કરેલ જે સમયે ભાઈશ્રી મુકુંદભાઈ ચંદારાણાએ દરેકને બીરદાવેલ તથા વિજયભાઈ વસાણીએ ભરતભાઈ બૂહા બાળકોના વાલીઓ બાળકોના સંચાલકો દરેકને ધન્યવાદ આપેલ સૌનો સાથ સૌનો વિકાસ આપણા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીના સુત્રને યાદ કરેલ તેમજ દરેક બાળકો તીલક કરી હું વૈષ્ણવ છુ તે ઓળખ આપી શકે ધ્યાન દોરવેલ તથા બહેનોને ખાસ કીર્તન ક્લાસ માટે વિનંતી કરેલ આપણા પ્રભુ કિર્તનથી ખુબ જ રાજી થાય છે જેથી પણ કીર્તન ક્લાસ કરી કીર્તન શીખવા જરૂરી છે આ તકે પાઠશાળા માટે પોતાના જ મકાનગ્રાઉન્ડ ભાઈશ્રી ભરતભાઈ બૂહા તેમજ નીલમબેન આશીષભાઈ લાડવા તથા પ્રિન્સીપાલ વૈશાલીબેન તેમજ ઉર્વિબેન ધકાણ, નેહલબેન મશરૂ પ્રિયંકાબેન સુચક તથા બીજા બહેનોએ સારી જહેમત ઉઠાવેલ તથા બાલકોને સારૂ પુષ્ટિમાગર્ગીય જ્ઞાન મળી રહે તે માટે તેમના વાલીઓએ સારો એવો સહકાર આપેલ દરેકનો શ્રી મહાપ્રભુજી બેઠકજી વતી તેમજ આપશ્રી વતી વિજયભાઈએ આભાર વ્યક્ત કરેલ તથા સ્મૃતિરૂપે પાઠમાળા કરવા દરેક વિધાર્થીને આસન આપેલ તથા બીજા વૈષ્ણવોએ પણ તનમનધનથી સહકાર આપેલ. આ તકે શ્રી વીઠ્ઠલેશ પાઠશાળાના સંચાલક નીલમબેન લાડવાએ સૌનો આભાર માનેલ તેમજ ભવિષ્યમા આપ સૌનો સાથ સહકાર મળી રહેશે તેવી આશા વ્યક્ત કરેલ છે.

# સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા પસંદગીના કેન્દ્રની જગ્યાએ બીજું કેન્દ્ર આવતા વિધાર્થીઓની મદદે રાજુ બોરીસાગર

સાવરકુંડલા

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી માસ્ટર ઓફ આર્ટસ સેમેસ્ટર ૨ એક્સટર્નલની પરીક્ષા તારીખ ૨૫-૪-૨૦૨૪ થી શરૂ થનારી હોય જેની હોલ ટિકિટ પરીક્ષાના બે દિવસ અગાવ એટલે કે તારીખ ૨૨-૪-૨૦૨૪ના રોજ મુકવામાં આવેલ હતી. જેમાં અર્થશાસ્ત્રના વિધાર્થીઓની હોલ ટિકિટમાં કેન્દ્રો અમરેલીની જગ્યાએ યુનિવર્સિટીની ભૂલ દ્વારા રાજકોટ આપી દેવામાં આવ્યા હતા. એક તો પરીક્ષાની હોલ ટિકિટ પરીક્ષાના બે દિવસ અગાઉ મુકવામાં આવી હોય. ત્યારે વિધાર્થીઓને હોલ ટિકિટ જોઈને ખબર પડી કે પરીક્ષા કેન્દ્ર રાજકોટ આવ્યું છે. જયારે ફોર્મ ભરતી વખતે પરીક્ષા કેન્દ્રના પસંદગીમાં અમરેલી પસંદ કરવામાં આવ્યું હતું. પરીક્ષા નું કેન્દ્ર આટલું દૂર આવવાના કારણે ઘણા વિધાર્થીઓ પરીક્ષા આપવા જવાના ન હતા. અને જે વિધાર્થીઓ પરીક્ષા આપવા જવાના હતા તેમને પણ રહેવા-જમવા જેવી વ્યવસ્થા કેવી રીતે કરવી તેવા પ્રશ્નો ઉભા થયા હતા. આ વાતની જાણ સાવરકુંડલામાં આવેલા આલ્ફા કોમ્પ્યુટરના ઓનર રાજુભાઈ બોરીસાગરને જાણ થઈ ત્યારે તેમણે યુનિવર્સિટીનાં સ્ટાફને આ બાબતની જાણ કરી અને ૩ કલાકની મહેનત કર્યા



બાદ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તેમની ભૂલ સુધારી પરીક્ષા કેન્દ્ર રાજકોટની જગ્યાએ ફરીથી વિધાર્થીઓએ પસંદ કરેલ કેન્દ્ર અમરેલી આપવામાં આવ્યું હતું. આલ્ફા કોમ્પ્યુટર છેલ્લા ૧૫ વર્ષથી વિધાર્થીઓ સાથે રહી તેમના પ્રશ્નો તેમજ મૂંઝવણો દુર કરવા સતત પ્રયત્નશીલ રહ્યું છે. કોઈ પણ વિધાર્થીને કંઈપણ મદદ કરવા હંમેશા આગળ રહે છે અને વિધાર્થીઓને યોગ્ય માગ્દર્શન પૂરું પાડે છે. વિદ્યાર્થીઓની કારકિર્દીને લગતા પ્રશ્નો હોય કે કોઈ સ્કુલ કે કોલેજમાં કોઈ પણ પ્રકારની તકલીફ હોય તો તેમાં આલ્ફા કોમ્પ્યુટર હંમેશા ઉપયોગી થતું રહ્યું છે. અને હંમેશા ઉપયોગી થતું રહેશે કોમ્પ્યુટર કલાસીસની સાથોસાથ આદર્શ શિક્ષકની ભૂમિકા રાજુભાઈ બોરીસાગર ભજવે છે. એમ રવિજોષીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# ગરમી સામે રક્ષણ મેળવવા કામ વગર બપોરે ૧૨ સાંજે ૦૪ દરમિયાન બહાર જવાનું ટાળો

અમરેલીઃ

ઉનાળાની ઋતુમાં આગામી સમયમાં રાજયમાં હિટવેવની શક્યતાઓને જોતા હિટવેવની સંભવિત અસરોથી રક્ષણ મેળવી શકાય તે માટે ડિસ્ટ્રીક્ટ હિટ એક્શન ટાસ્ક ફોર્સ (DHTAF) કમિટીની રચના કરવામાં આવી છે. અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયા આ કમિટીના ચેરમેનશ્રી રહેશે જ્યારે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સભ્ય સચિવશ્રી તરીકે માર્ગદર્શન આપશે.

બુધવારે આ કમિટીની અમરેલી જિલ્લાની પ્રથમ બેઠકનું આયોજન અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય શાખા ખાતે કરવામાં આવ્યું હતું. બેઠકમાં અધિકારીશ્રીઓને આ કમિટી અંતર્ગત જે-તે કચેરીઓને કરવાની કામગીરી અંગે વિગતો આપવામાં આવી હતી. આ કમિટી દ્વારા આગામી સમયમાં હિટવેવ સંદર્ભે અમરેલી જિલ્લામાં તકેદારીના પગલાઓ ભરવામાં આવશે અને ગરમી સામે રક્ષણ મેળવવા જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવશે.

બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી જોષીએ કહ્યુ કે, હિટવેવની સંભવિત અસરો સામે યોગ્ય પગલાઓ ભરીને ગરમીથી થતી આરોગ્યલક્ષી સમસ્યાઓને નિવારી શકાય છે. ખાસ કરીને હિટવેવના સંજોગોમાં શ્રમિકો બપોરે ૧૨ થી સાંજે ૦૪ વાગ્યા દરમિયાન વિશ્રામ કરે. કામના સ્થળો પર ઓ.આર.એસ.ના દ્રાવણો અને પ્રવાહીની પૂરતી માત્રામાં સુવિધા ઉપલબ્ધ કરવી. મુસાફરી દરમિયાન પીવાનું પાણી સાથે રાખવું. આગામી સમયમાં જિલ્લા કમિટી અધ્યક્ષ અને જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શનમાં હિટવેવ સામે રક્ષણ મેળવવા અને હિટવેવથી બચવા એક્શન પ્લાન તૈયાર કરી તે પ્રવૃત્તિઓ અનુસરવામાં આવશે.

આ કમિટીમાં સભ્ય તરીકે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા અધિકારીશ્રી, નાયબ માહિતી નિયામકશ્રી (હિટ વેવ સામે કાળજી રાખવા અંગે સમાચાર માધ્યમમાં પ્રચાર-પ્રસાર), નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (પંચાયત), જિલ્લા શ્રમ અધિકારીશ્રી, માધ્યમિક જિલ્લા શિક્ષણઅધિકારીશ્રી, પ્રાથમિક જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, જનરલ મેનેજરશ્રી, ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગની કચેરી, પોર્ટ ઓફિસરશ્રી, એસ.ટી.ના વિભાગીય કંટ્રોલર, એ.આર.ટી.ઓશ્રી, ડિસ્ટ્રીક્ટ સર્વેલન્સ ઓફિસરશ્રી, પ્રોગ્રામ ઓફિસરશ્રી, આઈ.સી.ડી.એસ. પશુપાલન નિયામકશ્રી, નોડલ ઓફિસરશ્રી નગરપાલિકાઓ-વ-ચીફ ઓફિસરીશ્રી, નગરપાલિકા, અમરેલી, આપત્તિ વ્યવસ્થાપન તંત્ર-અમરેલીના મામલતદાર શ્રીનો સમાવેશ છે. આ બેઠકમાં અમરેલી-વડીયા-કુંકાવાવ પ્રાંત અધિકારીશ્રી સહિત કમિટીના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વેલનાથબાપુની પુણ્યતિથિ નિમિતે શોભાયાત્રા કાઢી ઉજવણી



સાવરકુંડલાઃ સાવરકુંડલા ખાતે ગીરનારી સંત શિરોમણી પૂજ્યશ્રી વેલનાથબાપુની પુણ્યતિથિ નિમિતે સાવરકુંડલા શહેરના આંગણે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉજવણી કરવામાં આવી હતી ચૈત્ર સુદ પૂનમના રોજ પૂજ્ય વેલનાથબાપુની પુણ્યતિથિ સાવરકુંડલા કોળી સમાજના ભાઈઓ બહેનો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી તેમજ સમાજની સાથે કદમ મીલાવવા કોળી સમાજમાં શિક્ષણ કેમ વધે કન્યા કેળવણી, અંધશ્રધ્ધા દુર થાય વ્યસન મુકિત કુરિવાજોને તિલાંજલી આપવા માટે કાર્યક્રમો યોજાશે સમગ્ર સાવરકુંડલા શહેર અને તાલુકા ભરના ૭૯ ગામોમાંથી ઠાકોર સમાજના ભાઈઓ બહેનો સાવરકુંડલાના આંગણે પધાર્યા હતા. આ તકે સાવરકુંડલા શહેરના મુખ્યમાર્ગો પર વેલનાથબાપુની જગ્યા ખાતે થી શોભાયાત્રા શહેરના મુખ્યમાર્ગો નીકળી તેમજ બપોરના મહાપ્રસાદ, રાત્રે સંતવાણી વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજયા હતા સાવરકુંડલામાં સંત વેલનાથબાપુની પુણ્યતિથિ નિમિત્તે સાવરકુંડલામાં સંત શ્રી વેલનાથબાપુની જગ્યા ખાતે થી સવારે શહેરના મુખ્ય માર્ગ પર શોભાયાત્રા નીકળી હતી.

# ગુજરાતી મચ્છુકઠીયા જ્ઞાતિના પ્રમુખ સેક્રેટરી સામે રૂ.૫ કરોડનો માનહાની દાવો

## મુખ્યદાતાને નીચા દેખાડવા તેમના વિરૂદ્ધની પત્રિકા જ્ઞાતિના અન્ય લોકોને મોકલાઈ હતી

રાજકોટઃસમાજના આગેવાને ધર્માધિકારીની ભૂમિકા નિભાવવાના બદલે લાગતા વળગતાઓને આગળ કરી મુખ્ય દાતાઓને નીચા દેખાડવા પ્રયત્ન કરાતા ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિના પ્રમુખ, સેક્રેટરી સામે મુખ્ય દાતાએ ૫ કરોડનો માનહાનીનો દાવો કરતા ખળભળાટ મચી ગયો છે.આ અંગે વિમલભાઈ ચાવડા દ્વારા જ્ઞાતીના આગેવાનો વિરૂદ્ધ રાજકોટ શહેર પોલીસ રૂબરૂ આઈ.પી.સી.કલમ ૪૦૬, ૪૨૦ મુજબ વિશ્વાસઘાત અને છેતરપીંડી અંગેની ફોજદારી ફરીયાદ નોંધવા ફરિયાદ કરાઈ છે. શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા જ્ઞાતિ રાજકોટ સહયોગ વાડી ૧૫/૬ ભકિતનગર સોસાયટી ધર્મજીવનદાસજી માર્ગ, ઢેબર રોડ, રાજકોટના ટ્રસ્ટી પ્રમુખ સહિતના હોદ્દેદારો તરીકે કાર્યરત આગેવાનો દ્વારા જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોમાં તેમજ નાણાકીય વહિવટમાં મનસ્વી રીતે ચલાવતા હોવા અંગે જ્ઞાતિના સભ્ય અને અગ્રણી દાતા વિમલભાઈ દિલીપભાઈ ચાવડાએ સણસણતો




આક્ષેપ કર્યો છે. તેમણે આ મામલે સમાજના હોદેદારોનું ધ્યાન દોયું હતું. તેમજ આ મામલે લીટીગેશન થયા હતાં. ત્યારે જ્ઞાતિના હોદેદારો દ્વારા કોર્ટમાં જે પ્રકારનું અંડરટેઈકીંગ આપવામાં આવ્યું હતું.એ મુજબનું પાલન થયું નથી.આથી જ્ઞાતિના જાગૃત સભાસદ, સભ્ય દરજ્જે વિમલભાઈ ચાવડાએ ધ્યાન દોરી અંડરટેઈકીંગ મુજબનું પાલન કરવા વિનંતી કરી હતી. પરંતુ અમુક હોદેદારોએ પોતાની રીતે મનધડંત વાણી, વર્તન, વ્યવહાર, કરતા જ્ઞાતિના જવાબદાર હોદેદાર તથા સભ્ય ધર્મેન્દ્રભાઈ પરમાર(સભ્ય) અને ભરતભાઈ દુદકીયા (પ્રોજેકટ ચેરમેન) વિરૂદ્ધ રાજકોટ સિવિલ કોર્ટમાં વિજ્ઞાનપન થવા કાયમી મનાઈ હુકમ મેળવવાનો દાવો દાખલ કર્યો હતો.આ દાવા અંગેની નોટિસ સમન્સ જ્ઞાતિના જવાબદાર હોદેદારો અને સભ્યોને બજી જતાં તેઓએ અંડરટેઈકીંગ મુજબ વર્તવાના બદલે સમગ્ર સમાજમાં બદનામી થાય તેવા પ્રયત્નો કર્યા હતા વિમલભાઈએ જ્ઞાતિના પ્રમુખ પરેશભાઈ ચાવડા અને સેક્રેટરી ગૌરવભાઈ ચાવડા વિરૂદ્ધ રૂપિયા પાંચ કરોડનો માનહાનીનો દાવો દાખલ કરેલ છે.વિમલભાઈ ચાવડાઆએ જ્ઞાતિના હોદેદારો, આગેવાનો વિરૂદ્ધ વિશેષમાં કરેલા આક્ષેપ મુજબ કાર્યક્રમ સામે મૌખિક વિરોધ કરાતા દાવામાં જણાવેલા આરોપીઓ દ્વારા તેઓને બદનામ કરવા તેમના વિરૂદ્ધ લખાણવાળી પત્રિકા પ્રસિદ્ધ કરાવી હતી. બદનામ કરવાના ઈરાદે આવી પત્રિકાઓ જ્ઞાતિના અન્ય સભ્યોને પોસ્ટ મારફત મોકલી સમાજમાં નીચા દેખાડવાનું હિન કાર્ય કર્યાનો આક્ષેપ પણ કર્યો છે. આ કેસમાં વિમલભાઈ ચાવડા વતી એડવોકેટ તરીકે ભગીરથસિંહ ડોડીયા તથા દીવાની દાવામાં પરેશ મારૂ રોકાયેલ છે.

## ભગવાન પરશુરામ જયંતિની થશે આસ્થાભેર ઉજવણી



અમરેલીઃઆગામી તા.૧૦મે ને શુક્રવારના રોજ હિન્દુ સનાતન ધર્મ પરંપરામાં છઠા અવતાર એવા ભગવાન પરશુરામજીના અવતરણના દિવસ છે. તેથી આ ઉત્સવની ભવ્ય ઉજવણી કરવા અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મ સમાજની બેઠક જિલ્લા પ્રમુખ મુકુંદભાઈ મહેતાના અધ્યક્ષ સ્થાને ગત તા. ૨૦ એપ્રિલના શનિવારે રાત્રે ૯ કલાકે શ્રી પરશુરામ ધામ મંદિર અમરેલી ખાતે મળેલ હતી આ બેઠકમાં જિલ્લા / શહેર સમસ્ત બ્રહ્મ સમાજના વરિષ્ઠ પાંખ, યુવા પાંખ અને મહિલા પાંખના પદાધિકારીઓ, બ્રહ્મ અગ્રણીઓ, કાર્યકર ભાઈ - બહેનો અને સ્વયંસેવકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.તા.૧૦ ને શુક્રવારે બપોરે ૪/૩૦ કલાકે શ્રી નાગનાથ મહાદેવ મંદિરે થી ઉત્સવની શોભાયાત્રા પ્રસ્થાન કરી. શ્રી મહાત્મા મૂળદાસ ચોક, ડો.જીવરાજ મહેતા ચોક, સ્ટેશન ચોક, શ્રી લક્ષ્મીનારાયણ મંદિર, એસ ટી બસ સ્ટેશન થઈ પરશુરામ ધામ મંદિર ખાતે વિરામ લેશે તથાભગવાન શ્રી પરશુરામજીની મહા આરતી તથા છપનભોગ દર્શન સાંજે ૭:૩૦ કલાકે થશે અને ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવશે. મહા મંત્રી ભગીરથ ત્રિવેદીની યાદી જણાવે છે.

# સત્યનારાયણની કથાથી અમરેલી ઈન્ડીયા ગઠબંધન (કોંગ્રેસ) કાર્યાલયનો પ્રારંભ

(અતુલ કારિયા) અમરેલીઃ

અમરેલી સંસદીય મત વિસ્તાર અમરેલી જિલ્લો અને મહુવા-ગારીયાધાર વિસ્તારમાં કોંગ્રેસના શિક્ષત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુમ્મર ના અમરેલી શહેરનના ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ ભગવાન સત્ય નારાયણની કથા દ્વારા કરવામાં આવ્યો હતો.

અમરેલી લોકસભા ઈન્ડીયા ગઠબંધનના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના અમરેલી શહેર કાર્યાલયનો પ્રારંભ સવારે ૯-૦૦ કલાકે ભગવાન સત્ય નારાયણની કથા થી કરવામાં આવ્યો હતો.

આ તકે અમરેલી જિલ?લામાંથી વિશાળ સંખ્યામાં દરેક સમાજના આગેવાન અને ઈન્ડીયા ગઠબંધના કાર્યકરો ઉપસ?થિત રહ્યા હતા. આ તકે ઉપસથિત આગેવાનોએ જણાવ?યુ હતુ કે અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષે ગુજરાત સહિત દેશ ભરમાં શિક્ષત ઉમેદવારો આપ્યા છે. ત્યારે જેનીબેન ઠુમ્મર શિક્ષત તો છે જ પરંતુ તેઓ જિલ્લા પંચાયતના સૌથી સફળ પ્રમુખ પણ રહ્યા છે. ત્યારે આવા સમક્ષ ઉમેદવારોને આપણે જંગી લીડથી જીતાડવાના છે.

આ તકે આગેવાનો એ જણાવ્યુ કે જેનીબેન ઠુમ્મર મહિલા આગેવાન છે. ત્યારે સામાપક્ષના લોકોએ ઘણા પ્રયાસો કર્યા તેમનું ફોર્મ રદ કરવાના કારણ કે તેમને બહેનોની ભાગીદારી ગમતી નથી માત્ર મહિલા વિકાસની વાતો કરે છે.

આ તકે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ આમ આદમી પાર્ટી ના જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુમ્મર, ધારાસભ્ય શ્રી સુધીરભાઈ વાઘાણી ગારીયાધાર, ઠાકરશીભાઈમેતલીયા પૂર્વ ધારાસભ્ય શ્રી કનુભાઈ કલસરિયા મહુવા, કાંતિભાઈ સતાસીયા બગસરા ,ટીકુભાઈ વરૂ,જીતુભાઈ અડતાલાવાળા, ધર્મેશભાઈ પાનસુરીયા ,મનિષભાઈ ભંડેરી,સત્યમ મકાણી,દિનેશભાઈ ભંડેરી,ભરતભાઈ હપાણી, સુરેશભાઈ કોટડીયા, હાર્દિકભાઈ કાનાણી ભરતભાઈ ગીડા તાલુકા કોંગ્રેસ પ્રમુખશ્રીઓ કોંગ્રેસ પક્ષના તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતાઓ નગરપાલિકા તાલુકા પંચાયત જિલ્લા પંચાયત સભ્યો પૂર્વ સભ્ય જુદા જુદા જુદા કોંગ્રેસ પક્ષના સેલ સંસદી મતવિસ્તાર મહુવા ગારીયાધાર વિસ્તારના મહત્વનાગ્રણીઓ સહિત વિશાળ સંખ્યામાં આગેવાનો ઉપસથિત રહ્યા હતા.

## 'નીટ'ની પરીક્ષામાં ઓછા ગુણ આવવાના ભયથી વિધાર્થીનો આપઘાત

(મિલાપ રૂપારેલ) અમરેલીઃ

અમરેલીની સિધ્ધિ વિનાયક સોસાયટીમાં યુવકે નીટની પરીક્ષાનાં ટેન્શનમાં પોતાની જાતે જ સુતરની દોરી વડે ગળાફાંસો ખાઈ અંતિમવાટ પકડતા પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો. અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ સિદ્ધિ વિનાયક સોસાયટીમાં રહેતા કૌશલ મનોજભાઈ વાળા નામનાં ૧૯ વર્ષિય યુવક ધોરણ બાર સાયન્સની પરીક્ષામાં પાસ થયેલ હોય અને તેમણે અગાઉ નીટની પરીક્ષા આપેલ હોય તે પરીક્ષામાં ઓછા માર્ક આવેલ હોય. જેથી આગામી તા. ૫/૫ ના રોજ ફરી વખત નીટની પરીક્ષા આપવાની હોય અને તે નીટની પરીક્ષાની તૈયારી કરતો હતો.અગાઉ નીટની પરીક્ષામાં ઓછા માર્ક આવેલ હતા અને ફરીવાર તેમને પરીક્ષા હોય જેમાં પણ માર્ક ઓછા આવશે તે વાતનું ટેન્શન રાખી તા. ૨૨ ના રોજ સાંજે ૪/૩૦ કલાકે અમરેલીના ચિતલ રોડ સિદ્ધિ વિનાયક સોસાયટી પોતાના ઘરે રૂમમાં પોતાની મેળે છતના ભાગે આવેલ હુકમાં સુતરની દોરી બાંધી સુતરની દોરીનો બીજો છેડો પોતાના ગળામાં નાખી ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

# રાજકોટ સંજય વાટીકાની ૧૩.૨૫ લાખની ચોરી સહિત ૭ ચોરીના ભેદ ઉકેલાયા

## એમપીની ‘ભુતિયાગેંગ’નો તસ્ક ઝડપાયોઃ મજૂરના સ્વાં ગમાં રહી સીસીટીવી ન હોય તેવા રહેણાંકની રેકી કરતાંઃ ત્રણનાં નામ ખૂલ્યા

રાજકોટ,

શહેરમાં છેલ્લા બે વર્ષમાં ૭ ધરફોડ ચોરી કરનારા મધ્યમપ્રદેશની કુખ્યા?ત ભુતીયા ગેંગના તસ્કારને ડીસીપી સુધીરકુમાર દેસાઈની એલસીબી ઝોન-૨ ટીમે દબોચી લીધો છે. આ શખ્સં ગુજરાતના અલગ અલગ ગામોમાં ખેત મજૂરના સ્વાં ગમાં રહેતો હતો અને રાજકોટ તથા આસપાસના ગામોમાં શહેરની બારોબાર રહેણાંક વિસ્તાંરોની રેકી કરી વતનમાંથી બીજા સાગ્રીતોને બોલાવી રાત્રીના સમયે ચોરીઓ કરતો આ ગેંગનો એક શખ્સિ પકડાઈ ગયો છે અને બીજા ત્રણના નામ ખુલ્યાજ છે. શહેરમાં નાગરિકોના જાનમાલની સુરક્ષા જળવાઈ રહે તેવી કામગીરી કરવા સુચના મળી હોઇ એલસીબી ઝોન-૨ ટીમ કાર્યરત હતી ત્યાવરે હેડકોન્સક. રાહુલભાઇ ગોહેલ, કોન્સા. જયપાલસિંહ સરવૈયા અને કોન્સસ. જેન્તીહગીરી ગોસ્વાંમીને મળેલી બાતમી પરથી કાલાવડ રોડ કટારીયા ચોકડી પાસે લક્ષ્મીના ઢોળા નજીકથી રામસીંગ ઉર્ફે રામુ કાલુસીંગ અજનાર (ઉ.વ.૨૭-રહે. ખારાવડ વાડી વિસ્તા ૨ ધુતારપર તા. કાલાવડ, મુળ રાતમાલીયા તા.



જોબટ જી. અલીરાજપુર મધ્યીપ્રદેશ)ને દબોચી લીધો હતો. આ શખ્સ એમપીની કુખ્યા?ત ભુતીયાગેંગનો તસ્કસર હોવાની પાક્કી માહિતી હોઇ તેના આધારે તલાસી સકંજામાં લઇ પુછતાછ કરવામાં આવતાં તેણે રાજકોટ શહેર, જામનગર, મેટોડા, કોઠારીયામાં સાત સ્થઆળે ચોરીઓ કરી હોવાની અને પોતાની સાથે આ ગુનાઓમાં એમપી કદાવલના રાજુ કેકડીયાભાઇ બધેલ, ટાંડા ભુતીયાના મહેન્દ્ર કુવરસિંહ મેડા અને ધારના જામકા ગામના મડીયો લેપાભાઈ મેડા પણ સામેલ હોવાનું કબુલ્યું હતું.પોલીસે રામુ પાસેથી રૂપિયા ૫૦૦ના દરની ૫૦ હજારની ૧૦૦ નોટો, ચાંદીનો જુડો રૂા. ૧૬૫૦૦નો, ચાંદીની બે વીટી રૂા. ૧૪૦૦ની અને એક મોબાઈલ ફોન મળી રૂા. ૬૮૭૦૦નો મુદ્દામાલ કબ્જેં કર્યો છે. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સુધીરકુમાર દેસાઈની સુચના મુજબ પીએસઆઇ આર. એચ. ઝાલા, યુનિવર્સિટી પીએસઆઇ બી. આર. ભરવાડ, એલસબી હેડકોન્સઠ. વિરેન્દ્ર૮સિંહ ઝાલા, મૌલિકભાઇ સાવલીયા, હરપાલસિંહ જાડેજા, રાહુલભાઇ ગોહેલ, કોન્સ . જેન્તીઠગીરી ગોસ્વામિી, ધર્મરાજસિંહ ઝાલા, અમીનભાઇ ભલુર, યુનિવર્સિટી ડી. સ્ટારફના રઘુવીરસિંહ વાળા, કોન્સ . દિવ્યીરાજસિંહ ઝાલાએ આ કામગીરી કરી હતી.

# રાજકોટમાં વધુ ૬૦ વેપારીઓ પાસેથી પાંચ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

## મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ત્રણેય ઝોનમાં ૧૬,૫૦૦ દંડની કાર્યવાહી



રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાકસ્ટિ ક વેસ્ટઝ મેનેજમેન્ટ, (એમેન્ડકમેન્ટવ) રૂલ્સઆ-૨૦૨૧ અન્વ યે તારીખ ૨૪/૦૪/૨૦૨૪ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટી મેનેજમેન્ટી વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિતક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૨૪ના ત્રણેય ઝોનમાંથી કુલ ૬૦ આસામીઓ પાસેથી ૪.૯૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાતસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૧૬૫૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યોમ હતો. ઉપરોક્ત્ કામગીરી મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનર સ્વધપ્નિલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/?સેનીટેશન ઓફિસર?હાજરીમાં સેનેટરી ઈન્પેત્ કટર/ સેનેટરી સબ ઈન્પેપર્યકટર દ્વારા કરવામાં આવેલ.

# પોલીસ સમાચાર

## રાજકોટના બેડીપરામાં ગાયો બાંધવા બાબતે યુવાન પર ત્રણ શખ્સોનો પાઇપથી હુમલો



રાજકોટ,

રાજકોટ બેડીપરામાં ગંગેશ્વર રોડ પર રહેતાં અને ચાંદી કામ કરતાં નિલેષભાઈ ધીરૂભાઈ ખીંટ (ઉ.વ.૨૭) નામના યુવાનને ઘર પાસે હતો ત્યારરે કાના સિંધવ, હિરેન અને કરણે તથા અજાણ્યાં શખ્સે. મળી ઝઘડો કરી મારકુટ કરી લોખંડના પાઈપથી માર મારતાં સારવાર માટે સિવિલ હોસ્પિરટલમાં ખસેડાતાં હોસ્પિટટલ ચોકીના રામશીભાઇ વરૂ, કેતનભાઇ નિકોલા, તૌફિકભાઈ સહિતે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

નિલેષભાઈના કહેવા મુજબ પોતે ઘર પાસેના પલોટમાં ગાયો બાંધે છે. આ પ્લોટ બાબતે કાના સહિતે બોલાચાલી કરી ઝઘડો કરી પોતાના પર હુમલો કર્યો હતો.

## જુનાગઢના ડુંગરપુર નજીક કાર હડફેટે બાઈક ચાલકનું મોત

જુનાગઢ,

જુનાગઢ ડુંગરપુર ગામ નજીક મોડી રાત્રીના સાઈકલ પર જતા શખ્સને કાર ચાલકે હડફેટે લઈ લેતા સાઈકલ સવારનું મોત નોંધાતા મૃતકના સાળાએ તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

જુનાગઢ પાતાપુર ગામે શારદાનગરમાં રહેતા ફરીયાદી યાહયાખાન અબ્દુલખાન લાસાણી (ઉ.પર)ના બનેવી જાવેદખાન અબ્દુલખાન ગોપાંગ (ઉ.૪૬) પોતાની સાઈકલમાં રાત્રીના ૨-૩૦ કલાકે ડુંગરપુર રોયલ્ટી પાસે વેલનાથ પાનની દુકાન સામેથી તેના ઘરે જતા હતા ત્યારે જુનાગઢ તરફથી પુરપાટ ઝડપે આવી રહેલ ફોરવીલ કાર નં. જીજે ૦૩ જેએલ ૨૬૭૭ના ચાલકે સાઈકલ સવાર જાવેદખાન અબ્દુલખાનને હડફેટે લઈ તેમના માથામાં ગંભીર ઈજા થતા ૧૦૮માં જુનાગઢ સરકારી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યા હતા. જે અંગેની ફરીયાદ મૃતકના સાળા યાહયાખાન અબ્દુલખાન લાસાણી રે. પાતાપુર વાળાએ તાલુકા પોલીસમાં નોંધાવતા પીએસઆઈ જે.ડી. દેસાઈએ તપાસ હાથ ધરી છે.

## મેંદરડામાં દેશી બનાવટની પિસ્તોલ સાથે એક ઝડપાયો



જુનાગઢ,

જૂનાગઢ જિલ્લામાં એસ.ઓ.જીના પેટ્રોલીંગ દરમિયાન મેંદરડાના માલણકા ગામની સીમમાંથી શિવરાજ રાવત કરપડાને દેશી હાથ બનાવટની પિસ્તોલ સાથે પી.આઈ.પી.કે. ચાવડા સહિતના સ્ટાફે ઝડપી લઈ મેંદરડા પોલીસને હવાલે કર્યો છે.

## રાજકોટના મોરબી રોડ ચંદ્રપાર્કમાં પરિણીતાનો ઝેરી દવા પી આપઘાત



રાજકોટ,

રાજકોટ મોરબી રોડ પર ચંદ્રપાર્ક-૩ ડી. કે. સ્કુલવાળી શેરીમાં રહેતાં નિમિષાબેન જગદીશભાઇ સંખારવા (ઉ.વ.૩૦) નામના પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપપી ગઇ છે.નિમિષાબેન ગત સાંજે છએક વાગ્યે ઝેરી દવા પી જતાં ખાનગી હોસ્પિાટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. પરંતુ સારવાર દરમિયાન દમ તોડી દીધો હતો. બનાવની જાણ બી-ડિવીઝન પોલીસને થતાં હેડકોન્સક. હિતેષભાઇ એમ. કોઠીવાળે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર નિમિષાબેનના લગ્ન સાત વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પતિ ખેતી કરવા સાથે હીરા ઘસવાનું કામ પણ કરે છે. ગઇકાલે તે જમીન જોવા જવા તરઘડીયા તરફ ગયા ત્યા રે દિકરીએ ફોન કરી મમ્મીત દવા પી ગયાનું કહેતાં તે તત્કાતળ ઘરે પહોંચ્યાખ હતાં અને પત્નિનેિ સારવાર માટે ખસેડયા હતાં. પણ જીવ બચ્યોવ નહોતો. માનસિક બિમારીને કારણે પગલુ ભર્યાનું ખુલ્યુંમ હતું.

# રાજકોટના ડીલકસ ચોકમાં વકીલની કાર સાથે એસ.ટી.બસ અથડાતાં નુકસાન

રાજકોટ,

રાજકોટ કુવાડવા રોડ પર ડીલકસ ચોકમાંથી પસાર થતા જામનગરના એડવોકેટની મર્સીડીઝ કાર સાથે એસ.ટી. બસ અડી જતા કારમાં નુકસાની થતા બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ થઈ છે.

મળતી વિગત મુજબ જામનગરના રાજનગર સોસાયટી શેરી નં.૫માં રહેતા વકીલ નીલેશભાઈ કરશનભાઈ મંગે (ઉ.વ.૫૦) એ બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. નીલેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે પોતે જામનગર ડીસ્ટ્રી ક કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટમાં વકીલાત કરે છે. ગઈકાલે પોતે પત્નીં સાથે નાનાભાઈની જીજે-૧૦-સીજી-૯૦૩૦ નંબરની કાર લઈને રણછોડનગર શેરી નં.૫ માં રહેતા સંબંધીને ત્યાંજ મળવા માટે ગયા હતા. બાદ ત્યાંથી જામનગર જવા માટે કારમાં બેસી જતા હતા. ત્યાસરે કુવાડવા રોડ પર ડીલકસ ચોકમાં કાર આગળ એક જીજે-૧૮-ઝેડ-૮૯૬૭ નંબરની એસ.ટી. બસના ચાલકે જમણી બાજુ વળાંક લેતા જે બસની જમણી બાજુ પાછળ પહોંચતા પોતે હોર્ન વગાડતા બસના ચાલકે કોઈ પ્રતિક્રિયા ન આપી પોતાની બસ ચલાવ્યેસ રાખી અને કારના આગળ ડાબી બાજુમાં અચાનક વણાંક વાળતા અડી જતા કારમાં લીસોટો પડી જતા ચાલકે બસ ઉભી રાખી દીધી હતી. પોતાની કારમાં નુકસાની થયેલ હોય તેથી પોતે પોલીસ કંટ્રોલમાં જાણ કરતા પોલીસ આવી જતા બંને પક્ષને બી-ડીવીઝન પોલીસ મથકમાં લઈ ગયા બાદ પોતે ફરિયાદ નોંધાવતા પોલીસે એસ.ટી. બસના ચાલક અશોકસિંહ સહદેવસિંહ ચુડાસમા (ઉ.વ.૪૪) (રહે.દેવચડીગામ, તા.ગોંડલ) સામે ગુનો દાખલ કરી હેડકોન્સા.એચ.જે. જોગડાએ તપાસ હાથધરી છે

# રાજકોટના ભારતનગરની પોણા લાખની ચોરીનો ભેદ ખુલ્યોઃ બિહારી પકડાયો

રાજકોટ,

રાજકોટ શહેરના થોરાળા પોલીસ સ્ટેભશન હેઠળના ભારતનગરમાં દસ દિવસ પહેલા હીનાબેન ઉત્તમભાઈ પટેલના બંધ મકાનના તાળા તોડી તસ્ક રો રોકડા ૬૦ હવજાર, ચાંદીના સાંકળા, મોબાઈલ ફોન મળી ૭૫ હજારની ચોરી કરી ગયા હતાં. આ ચોરીનો ભેદ થોરાળા પોલીસે ઉકેલી અગાઉ પણ ચોરીના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા મુળ બિહારના બાકા જીલ્લાના રજોન તાબેના ગોપાલપુર ગામના અને હાલ વેલનાથ જડેશ્વર સોસાયટી-રમાં રહેતા રાજાકુમાર પ્રદિપભાઈ શાહ (ઉ.વ.૨૪)ને દબોચી લઈ



રોકડા ૫૦ હજાર, ત્રણ મોબાઈલ ફોન, ચાંદીના સાંકળા મળી ૮૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ચોરીના અનડિટેક્ટળ ગુના ઉકેલવા થોરાળા પોલીસની ટીમ કાર્યરત હતી ત્યા.રે હેડકોન્સો. જયદિપસિંહ જાડેજા તથા હસમુખભાઈ નિનામાને મળેલી બાતમી પરથી અમુલ સર્કલથી આગળ ૮૦ ફુટ રોડ પરથી પકડી લીધો હતો. અંગજડતી કરતાં રોકડ, સાંકળા વગરે મળતાં આ અંગે પુછતાછ કરતાં ગલ્લા તલ્લા કર્યા હતાં. તેના નામને આધારે ઈ-ગુજકોપમાં ગુનાહિત ઈતિહાસ ચેક કરતાં તે અગાઉ આજીડેમ પોલીસના ચોરીના બે ગુનામાં પકડાઈ ગયાની વિગતો ખુલી હતી. આથી આકરી પુછતાછ કરતાં દસ દિવસ પહેલા ભારતનગરના મકાનમાંથી ૬૦ હજારની રોકડ, સાંકળા મળી ૭૫ હજારની માલમત્તા મોજશોખ માટે ચોરી હોવાની કબુલાત આપતાં તેની ધરપકડ કરી હતી.આ શખ્સળ છુટક મજૂરી કામ કરે છે અને મોજશોખ પુરા કરવા ચોરીઓ કરતો રહે છે.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત થોરાળા પીઆઈ એન. જી. વાઘેલા, પીએસઆઈ જે. એમ. પરમાર, પીએસઆઈ એમ. એસ. મહેશ્વરી, એએસઆઈ હિતુભા એમ. ઝાલા, આર. એસ. મેર, હેડકોન્સઆ. પ્રકાશભાઈ ખાંભરા, કિશોરભાઈ પરમાર, હસમુખભાઈ નિનામા, વિમલભાઈ ધાણજા, જયદિપસિંહ જાડેજા, કોન્સસ. સંજયભાઈ અલગોતર અને પ્રકાશભાઈ ચાવડા તથા હોમગાર્ડ અક્ષીત વ્યાઈસે આ કામગીરી કરી હતી.

# JEE મેઈનમાં એલનનો ડંકોઃ બે વિદ્યાર્થી ટોપર્સ

## ટોપ ૫૦૦ AIR માં ૬ વિદ્યાર્થીઓ, ટોપ ૧૦૦૦ AIR માં ૧૧, ટોપ ૨૦૦૦ AIR માં ૧૫, ટોપ ૫૦૦૦ AIR માં ૨૩ અને ટોપ ૧૦,૦૦૦ AIR માં ૩૧ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું



રાજકોટઃ

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ૨૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ દેશની સૌથી મોટી એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા, JEE મેઈન ૨૦૨૪નું અંતિમ પરિણામ જાહેર કર્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓ છેલ્લા ૫ વર્ષથી સતત JEE મેઈનના પરિણામોમાં ટોપ પર્સન્ટાઇલ મેળવીને સૌરાષ્ટ્રના ટોપર્સ બન્યા છે અને આ વર્ષે તેઓ ગુજરાતમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ઐતિહાસિક પરિણામો આપી ગૌરવ અપાવ્યું છે.એલન રાજકોટ સેન્ટર હેડ અમૃતાશ મુખર્જીએ જણાવ્યું હતું કે એલન રાજકોટના ક્લાસરૂમ વિદ્યાર્થી મીત પારેખ એ AIR ૨૮ અને હર્ષલ કાનાણીએ AIR ૪૪ સ્કોર પ્રાપ્ત કર્યો તેમજ બંનેએ ૧૦૦-૧૦૦ પર્સન્ટાઈલ સ્કોર પ્રાપ્ત કરીને સંયુક્ત રીતે "ગુજરાત ટોપર્સ" બન્યા છે. આ સાથે અન્ય વિદ્યાર્થી દ્વિજા પટેલે AIR ૫૮ મેળવીને ગર્લ કેટેગરીમાં સૌરાષ્ટ્ર ટોપરનું બિરુદ મેળવ્યું જે સમગ્ર સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ છે. ALLEN રાજકોટના ટોપ ૫૦૦ AIR માં ૬ વિદ્યાર્થીઓ, ટોપ ૧૦૦૦ AIR માં ૧૧, ટોપ ૨૦૦૦ AIR માં ૧૫, ટોપ ૫૦૦૦ AIR માં ૨૩ અને ટોપ ૧૦,૦૦૦ AIR માં ૩૧ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું જયારે ૧૦૨ વિદ્યાર્થીઓએ JEE એડવાન્સ્ડ ૨૦૨૪ માં બેસવાનું પસંદ કર્યું છે. એલન રાજકોટના વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા આ પરિણામો સૌરાષ્ટ્રના ઈતિહાસમાં સૌથી વધુ છે. આ ઉપરાંત ૯ વિદ્યાર્થીઓએ પણ એક અથવા વધુ વિષયોમાં ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે.

### નિયમિત શિસ્તબદ્ધ અભ્યાસ અને પુનરાવર્તને ટોપર બનાવ્યોઃ મિત પારેખ

JEE ના પરિણામ ૨૦૨૪ માં ગુજરાત ટોપર - ઓલ ઈન્ડિયા રેન્ક ૨૮ (૧૦૦ પર્સેન્ટાઈલ) મેળવનાર મિત પારેખ ના પિતા પારેખ વિક્રમભાઈ પ્રાઈવેટ કંપની મા માર્કેટિંગ મેનેજર છે.અને માતા પારેખ જ્યોતિબેન હાઉસ વાઈફ છે. મિત પારેખ જણાવે છે કે હું છેલ્લા ૨ વર્ષથી ALLEN Career Institute રાજકોટમાં વર્ગખંડનો વિદ્યાર્થી છું. હું માનું છું કે નિયમિત શિસ્તબદ્ધ અભ્યાસ અને પુનરાવર્તને મને ત્નઈઈ મેઈન ૨૦૨૪ માં સારો સ્કોર કરવામાં મદદ કરી. તેથી, મેં મારા માટે તમામ વિષયો માટે સમાન વિતરણ સાથે યોગ્ય સમયપત્રક તૈયાર કર્યું.

### એરોસ્પેસ એન્જિનિયરિંગમાં આગળ વધવા માટે ટોચની IIT કોલેજમાં જોડાવા માટે ઉત્સુકઃ હર્ષલ કાનાણી

મુખ્ય JEE ૨૦૨૪ રેન્ક માં Gujarat Topper અને ઓલ ઈન્ડિયા રેન્ક ૪૪ ક્રમ મેળવનાર હર્ષલ કાનાણી ના પિતા ભરત કાનાણી ધંધો કરે છે તેમજ માતા ધર્મીસ્ટા કાનાણી ગૃહિણી છે. હર્ષલ કાનાણીએ જણાવ્યું હતું કે JEE(Adv)માં સારા રેન્ક સાથે તેની પસંદગી બદલ તે ખુશ છે અને તે ભગવાન, માતા-પિતા અને તેના એલન ફેકલ્ટીઓનો ખૂબ આભારી છે કે જેમણે તેની ૫ વર્ષની સફરમાં તેનું માર્ગદર્શન કર્યું છે. તમામ એલન સામગ્રીનો અભ્યાસ કર્યો.

# રાજકોટ કલેકટર કચેરીમાં અપક્ષ ઉમેદવાર સુભાષ પંડ્યાનું ફોર્મ રદ થતાં દેકારો મચાવ્યો



રાજકોટ,

આગામી તા. ૭મી મેના રોજ લોકસભાની ચૂંટણી અંતર્ગત મતદાન થવાનું છે. ચૂંટણી જંગમાં ફકત નવ ઉમેદવારો મેદાનમાં છે ત્યારે જે ઉમેદવારના ફોર્મ ટેકનિકલ કારણોસર રદ થયા છે તેમાં અમુકને કયા કારણોસર રદ થયા તેની જાણકારી મળી હોવા છતાં વિસ્તૃત માહિતી માટે કલેકટર કચેરીમાં દોડી આવે છે. રાજકોટ કલેકટર કચેરીમાં અપક્ષ ઉમેદવાર સુભાષ પંડ્યાનું ફોર્મ રદ થતાં તે આજે કલેકટર કચેરીમાં આવી ‘મારૂ ફોર્મ કયા કારણોસર રદ કરાયું ?’ માહિતી આપો. ગ્રાઉન્ડ ફલોરથી માંડી ચૂંટણી વિભાગમાં જાહેરમાં બરાડા પાડી તો કયારેક ધાર્મિક ગીત, ભજન, દુહા લલકારી લોકોનું ધ્યાન ખેંચતા ઉપરોકત અપક્ષ ઉમેદવારે ચૂંટણી વિભાગમાં અડિંગો જમાવ્યો હતો. એક તબક્કે સિકયુરિટીને બોલાવવાની ફરજ પડી હતી. બાદમાં કલેકટરને મળવું છે તેમ જણાવી પી.એ.ની ચેમ્બરમાં બેસી જતા વાત કે મામલો વણસે નહીં તે બાબતોને ધ્યાનમાં રાખી અધિક જિલ્લા ચૂંટણી અધિકારી સમક્ષ મોકલવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. કાળા કપડામાં સજ્જ, હાથમાં કડું, ગળામાં માળા સાથે સુભાષભાઈને ચૂંટણી વિભાગમાં લઈ જવામાં આવ્યા ત્યારે હથિયારધારી પોલીસને સાથે દોડી જવું પડ્યું હતું એક તબક્કે ચૂંટણી વિભાગના મામલતદાર ચૌહાણ સાથે પણ રકઝક થઈ હતી.

# રાજકોટના આધેડે માનસીક બિમારીથી કંટાળી ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કર્યો

રાજકોટ,

રાજકોટના ગોંડલ રોડ પર પી.ડી.માલવીયા કોલેજ નજીક રેલવે ફાટક પાસે પ્રૌઢે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા પરિવારમાં શોક વ્યાથપી ગયો છે.

મળતી વિગત મુજબ ગોંડલ રોડ પર પી.ડી.માલવીયા કોલેજ નજીક રેલવે ફાટક પાસે આશરે ૫૦ વર્ષના અજાણ્યી પ્રૌઢે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કર્યો હોવાની જાણ થતા ૧૦૮ની ટીમે સ્થટળ પર પહોંચી ઈએમટી રવિભાઈ પરમારે ટીમે તપાસ કરતા પ્રૌઢનું મૃત્યુક નિપજ્યુવ હોવાનું જણાતા પોલીસને જાણ કરવામાં આવી હતી.જાણ થતા માલવીયાનગર પોલીસ મથકના હેડ કોન્સત. અરૂણભાઈ ચાવડા સહિતે સ્થાળ પર પહોંચી અજાણ્યાર પ્રૌઢની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી હતી તપાસ દરમ્યા?ન આ પ્રૌઢ ઢેબર કોલોની કવાર્ટરમાં રહેતા સંજયભાઈ ચુનીભાઈ પરમાર (ઉ.વ.૫૦) હોવાનું જાણવા મળતા પોલીસે જાણ કરતા તેના પરિવારજનો સ્થનળ પર દોડી આવ્યાય હતા. મૃતક સંજયભાઈ ત્રણભાઈમાં વચેટ હતા. તેણે માનસીક બીમારીથી કંટાળી આ પગલુ ભર્યું હોવાનું પોલીસની પ્રાથમીક તપાસમાં ખુલ્યુજ છે.

# રાજકોટના ગોંડલ રોડ વિસ્તારમાંથી સગીરા ઘરેથી નીકળ્યો બાદ લાપતાઃ અપહરણનો ગુનો નોંધાયો

રાજકોટ,

રાજકોટના ગોંડલ રોડ વિસ્તા રમાં રહેતી ૧૭ વર્ષની સગીરા ઘરેથી નીકળ્યાએ બાદ પરત ન આવતા તાલુકા પોલીસ મથકમાં ફીરયાદ થઈ છે.મળતી વિગત મુજબ ગોંડલ રોડ વિસ્તોરમાં રહેતી ૧૭ વર્ષની સગીરા તા. ૧૬ના રોજ પોતાના ઘરે હતી અને પિતા લોધીકામાં નાસ્તોની દુકાને ગયા હતા અને તેની માતા પણ લોધીકા ગયા હતા. બાદ રાત્રે માતા ઘરે આવ્યા ત્યાલરે સગીરા ઘરમાં જોવા ન મળતા પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ તેનો કોઈ પત્તો ન લાગતા પોલીસને જાણ કરતા તાલુકા પોલીસ મથકના પી.એસ.આઈ. બી. ડી. ઠાકોર સહિતે સગીરાની માતાની ફરિયાદ પરથી અજાણ્યાધ શખ્સક સામે અપહરણથી કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. સગીરાએ કાળા કલરનું જીન્સઠનું પેન્ટી તથા ગુલાબી કલરનો શર્ટ પહેરેલ છે. સગીરાની જમણી આંખ ઉપર જુનું લાગેલાનું નિશાન છે. જો કોઈને આ સગીરા જોવા મળે તો રાજકોટ તાલુકા પોલીસ સ્ટેકશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

## ધર્મના આધારે અનામત નહીં

ભારત બિનસાંપ્રદાયિક દેશ છે આ દેશનો કોઇ પણ નાગરિક પોતાના અંતરાત્મના અવાજ મુજબ પોતાનો ધર્મ પાળી શકે છે ધર્મ એ વ્યક્તિગત બાબત છે જ્યારે ધર્મને આધારે અનામત આપવામાં આવે છે ત્યારે વિવિધ પ્રકારના સમુદાયના લોકોની વચ્ચે એક પ્રકારનો અલગાવ ઉભો થાય છે અનેક સમસ્યાઓ ઊભી થાય છે આ બધું થતું હોવા છતાં રાજકારણમાં ધર્મને આધારે અનામત આપવાની પ્રથા કોંગ્રેસે શરૂ કરી હતી. જે બિલકુલ વ્યાજબી બાબત નહોતી.

કોંગ્રેસે ધર્મના આધારે અનામત વધારવાનો પ્રયત્ન કર્યો છે અને મુસ્લિમોને તે અનામતનો લાભ આપ્યો છે. કોંગ્રેસે દેશના લોકોની સંપત્તિ છીનવી લઈને પસંદગીના લોકોમાં તેને વહેંચવાનું ઊંડું ષડયંત્ર રચ્યું છે, એવો ગંભીર આક્ષેપ વડા પ્રધાને ફરીથી કોંગ્રેસ ઉપર કર્યો હતો. કોંગ્રેસના શાસનમાં કોઈ વ્યક્તિને તેની શ્રદ્ધા મુજબ ધર્મનું પાલન કરવામાં તકલીફ થતી હતી.તેમના શાસનમાં હનુમાન ચાલીસા સાંભળવું કે તેનો પાઠ કરવો પણ એક ગુનો બને છે. સપ્તાહે સમગ્ર દેશમાં હનુમાન જન્મોત્સવની ઉજવણી થઈ હતી ત્યારે મોદીનું આ નિવેદન આવ્યું છે.

૨૦૦૪માં જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવી ત્યારે -સૌપ્રથમ આંધ્ર પ્રદેશમાં એસસી અને એસટીની અનામત બેઠકો ઓછી કરીને તે મુસ્લિમોને આપી હતી. આ તબક્કે મોદી તમને ખુલ્લાંદિલે ગેરન્ટી આપે છે કે દલિત અને પછાત વર્ગનું આરક્ષણ ક્યારેય સમાપ્ત નહીં થાય અને ધર્મના નામે કોઈની પણ સાથે અનામતની વહેંચણી નહીં થાય.

કોંગ્રેસે હંમેશાં વોટ બેન્કના રાજકારણને નજરમાં રાખીને શાસન કર્યું છે. ૨૦૦૪માં સત્તા પર આવ્યા બાદ કોંગ્રેસે સૌપ્રથમ આંધ્ર પ્રદેશમાં એસસી-એસટીની અનામત ઘટાડીને મુસ્લિમોને આપી હતી. સમગ્ર દેશમાં આ પ્રોજેક્ટનો અમલ કરવા માટે પહેલા આંધ્ર પ્રદેશમાં તેનો અમલ થયો હતો. કોંગ્રેસે આંધ્ર પ્રદેશમાં ચાર વાર આ પ્રોજેક્ટ લાગુ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ કાયદાકીય રુકાવટો અને સુપ્રીમ કોર્ટની જાગૃતિને કારણે તેમનો ઇરાદો સફળ થયો ન હતો.૨૦૧૧માં કોંગ્રેસે સમગ્ર દેશમાં તેનો અમલ કરવાનો પ્રયત્ન કર્યો હતો. કોંગ્રેસે ત્યારે ૨ એસસી, એસટી અને ઓબીસીના હક્કો છીનવી લઈને અન્ય લઘુમતીને આપ્યા હતા. કોંગ્રેસે આ ઇરાદાપૂર્વક કર્યું હતું અને તેના માટે બી.આર. આંબેડકરે રચેલા ભારતના બંધારણની પરવા કરી ન હતી. 'કોંગ્રેસ ફરીથી દલિતો અને પછાત વર્ગના આરક્ષણમાંથી મુસ્લિમ લોકોને આરક્ષણ ફાળવશે?' એવો પ્રશ્ન મતદાતાઓએ કોંગ્રેસને કરવો જોઈએ ભાજપ જ્યારે કર્ણાટકમાં સત્તા પર આવ્યો ત્યારે સૌપ્રથમ એસસી-એસટીના આરક્ષણના જે ક્વોટા મુસ્લિમ લોકોને ફાળવી દીધાં હતાં તે રદબાતલ કરવામાં આવ્યા હતા. દેશમાં અનામતની બંધારણીય મર્યાદા ૨૦૨૦માં સમાપ્ત થતી હતી. તે સમયે મોદીએ દલિતો અને જનજાતિઓની મર્યાદા વધુ ૧૦ વર્ષ માટે લંબાવી હતી.

કોંગ્રેસ અને તેના ઈન્ડિ સાથી પક્ષોનું વોટ બેન્કનું રાજકારણ ખુલ્લું પડી ગયા બાદ નારાજ થઈ ગયા હતા. કોંગ્રેસ લોકોની સંપત્તિ છીનવી લઈને તેમની પસંદગીના લોકોમાં વહેંચી દેવાનું કાવતરું ઘડી રહ્યો છે અને તેમણે લોકોની સમક્ષ આ સત્ય પ્રગટ કર્યું છે, એમ મોદીએ જણાવ્યું હતું કોંગ્રેસે અનામતમાં પરિવર્તન કરીને તેનો અમલ કર્યો અને મોદીએ તે ખાનગી બાબત જાહેર કરી.



## ફ્રાઈડે ફોટો સ્ટોરી


- જયદીપ એ. દવે.

## વનીકરણના ભોગે શહેરીકરણ...

શહેરી કરણની ઘેલછામાં ( કે મજબૂરીમાં...) આપણે વૃક્ષોનું છેદન કરી પ્રકૃતિનો વિસ્તાર ઘટાડતા જઈએ છે.શહેરીકરણ ની દોડ માં આપણે વનીકરણ ની અગત્યતા ચુકી જતા શહેરી વિસ્તારોમાં રાની પશુઓની હાજરીની ઘટનાઓ રોજિંદી બની ગઈ છે. તો આબોહવાની દ્રષ્ટિએ પણ આપણે ગરમી, પુર જેવી કુદરતી આફતો સ્વરૂપે માઠા પરિણામો ભોગવી રહ્યા છીએ. ત્યારે આ તસવીર આજની પરિસ્થિતિનો ચિતાર આપી જાય છે. ત્યારે બોરતલાવ પરની આ તસવીરમાં એક બાજુ પ્રાકૃતિક સંપદા સમાન બોરતલાવ અને બીજી બાજુ વિકસી અને વિસ્તરી રહેલા સિમેન્ટના જંગલોને અલગ પાડતા રસ્તા પરથી આ બાબત ચિંતિત ભાવે વોકિંગ કરતા આ વડીલ નું દ્રશ્ય આપને પ્રકૃતિની રક્ષા માટે જાગૃત થવા માટે નો વેક અપ કોલ નથી લાગતું...???

## એલોન મસ્ક ટૂંક સમયમાં લોન્ચ કરશે ટીવી એપ

### એપ વિશે માહિતી આપતું X TVનું ૧૦ સેકન્ડનું ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું




એલોન મસ્ક તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xને સંપૂર્ણપણે બદલવામાં વ્યસ્ત છે. એલોન મસ્કએ ટ્વિટરના માલિક બન્યા બાદ તેમાં તેમણે ઘણા ફેરફાર કર્યા છે. હવે એલોન મસ્ક વધુ એક મોટો ફેરફાર કરવા જઈ રહ્યા છે. સમાચાર છે કે Elon રેજા ટૂંક સમયમાં X TV એપ લોન્ચ કરશે જે ટીવી માટે હશે, એટલે કે Xનો ઉપયોગ TV પર પણ કરી શકાશે.

X TV એપ વિશે માહિતી આપતું X TVનું ૧૦ સેકન્ડનું ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં એમ કહી શકાય કે સ્માર્ટ ટીવી માટે ટૂંક સમયમાં એક્સ ટીવી એપ બહાર પાડવામાં આવશે.

Xના CEO લિન્ડા યાકેરિનોએ પણ થોડા દિવસો પહેલા કહ્યું હતું કે નાના પડદાથી લઈને મોટા પડદા સુધી X દરેક વસ્તુને બદલી રહી છે. ટૂંક સમયમાં અમે X TV એપ વડે તમારા સ્માર્ટ ટીવી પર રીઅલ-ટાઇમ આકર્ષક કન્ટેન્ટ લાવીશું. અગાઉ ગયા મહિને એલોન મસ્કે પણ ટીવી એપ વિશે માહિતી આપી હતી.

લિન્ડાના જણાવ્યા અનુસાર, યુઝર્સને X TV એપ પર ઉચ્ચ ગુણવત્તાની સામગ્રી મળશે. આ સિવાય યુઝર્સ Xના કન્ટેન્ટને મોટી સ્ક્રીન પર પણ જોઈ શકશે. વપરાશકર્તાઓને વ્યક્તિગત દ્રશ્ય પણ મળશે. આ એપ દ્વારા યુઝર્સને તેમના મોબાઈલના કન્ટેન્ટ ટીવી પર જોવાની સુવિધા પણ મળશે.એલોન મસ્ક ધીમે ધીમે ઠ વીડિઓ પ્લેટફોર્મ તરફ આગળ વધી રહ્યા છે. થોડા દિવસો પહેલા જ તેમણે એક વિદેશી ન્યૂઝ ચેનલના પ્રખ્યાત એન્કર સાથે એક્સક્લુઝિવ શોમાં ભાગીદારી માટે મુલાકાત કરી હતી. આ સિવાય યુટ્યુબર મિસ્ટર બીસ્ટએ તેના એક વિડિયોમાંથી X માંથી $૨,૫૦,૦૦૦ ની કમાણી કરી છે, જેના પછી X કમાણી મામલે કન્ટેન્ટ ક્રિએટર્સ વચ્ચે ખૂબ જ લોકપ્રિય બની ગયું છે.

## અમેરિકામાં, ડોકટરોએ ડુક્કરની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી મહિલાનો બચાવ્યો જીવ



અમેરિકામાં એક ખૂબ જ મહત્વપૂર્ણ સર્જરી કરવામાં આવી છે, જે મેડિકલ ક્ષેત્રે માઈલસ્ટોન સાબિત થઈ શકે છે. હકીકતમાં, અમેરિકાના ન્યુ જર્સીમાં સર્જનોએ એક મહિલાના શરીરમાં સંયુક્ત હાર્ટ પંપ અને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી છે. આ પ્રથમ વખત છે જ્યારે સંયુક્ત હૃદય પંપ અને પિગની કિડની માનવમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે.

આ સર્જરી ન્યુ જર્સીના એનવાયયુ લેંગોન ખાતે કરવામાં આવી હતી. વાસ્તવમાં, ન્યુ જર્સીની રહેવાસી ૫૪ વર્ષની લિસા પિસાનો હાર્ટ ફેલ્યોર અને છેલ્લા સ્ટેજની કિડનીની બિમારીથી પીડિત હતી. તેને નિયમિત ડાયાલિસિસની જરૂર હતી. ઘણા સમયથી લિસા હાર્ટ અને કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવાનો પ્રયાસ કરી રહી હતી, પરંતુ અમેરિકામાં ઓર્ગન ડોનર્સની અછતને કારણે તે અંગો મેળવી શકી ન હતી.

સર્જરી બાદ લિસાએ કહ્યું કે જ્યારે મારી સાથે પહેલીવાર આ ઓપરેશન વિશે વાત કરવામાં આવી ત્યારે મેં કહ્યું કે હું ચોક્કસપણે આનો પ્રયાસ કરવા માંગીશ. સર્જરી બાદ લિસાએ ICUમાં પોતાના બેડ પરથી મીડિયા સાથે વાત કરી હતી.

લિસાએ જણાવ્યું કે તે તમામ પ્રકારની સારવાર કરાવ્યા બાદ થાકી ગઈ હતી અને હાર્યો હતો. તેથી જ્યારે ડોકટરોએ મને પિગની કિડની ટ્રાન્સપ્લાન્ટ વિશે જણાવ્યું, ત્યારે મેં ખુશીથી તેનો સ્વીકાર કર્યો. લિસાએ આગળ કહ્યું, 'આશા છે કે હવે મને મારા પૌત્ર-પૌત્રીઓ સાથે સમય પસાર કરવાનો અને તેમની સાથે રમવાનો મોકો મળશે.'

તમને જણાવી દઈએ કે અમેરિકામાં અંગ દાન કરનારાઓની સંખ્યા કરતાં અંગ મેળવનારાઓની સંખ્યા ઘણી વધારે છે. અહેવાલો અનુસાર, અમેરિકામાં દરરોજ ૧૭ લોકો અંગની રાહ જોતા મૃત્યુ પામે છે. અહીં કિડનીની માંગ સૌથી વધુ અને પુરવઠો સૌથી ઓછો છે. ઓર્ગન પરચેઝ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ નેટવર્ક અનુસાર, ૨૦૨૩માં લગભગ ૨૭ હજાર કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી, પરંતુ લગભગ ૮૯ હજાર લોકો તે અંગો માટે રાહ જોઈ રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, ૪ એપ્રિલે લિસાના શરીરમાં હાર્ટ પંપ લગાવવામાં આવ્યો હતો અને ૧૨ એપ્રિલે પિગની થાઇમસ ગ્રંથિ સાથે જીન-એડિટેડ પિગની કિડની લગાવવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, વિશ્વમાં પ્રથમ વખત, માર્ચ મહિનામાં મેસેચ્યુસેટ્સ જનરલ હોસ્પિટલમાં ૬૨ વર્ષના રિક સ્લેમેનને જીવંત વ્યક્તિમાં ડુક્કરની કિડનીનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું. જે આ મહિને હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ ઘરે પણ પહોંચી ગયા છે. જો કે, જ્યારે બચી ગયેલા બે લોકોને ડુક્કરની કિડની આપવામાં આવી હતી, ત્યારે તેઓ થોડા અઠવાડિયામાં મૃત્યુ પામ્યા હતા.

# ગરમીનું ભયાનક રૂપ વિજ્ઞાન સામેનો સૌથી મોટો પડકાર

### ધરતીનું વાતાવરણ બદલાઈ રહ્યું છે અત્યારે સૌથી વધુ ગરમી પડી રહી છે ત્યારે લોકો ત્રાહિમાન પુકારી રહ્યા છે આ ગરમી માટે કુદરત જવાબદાર છે આમ છતાં વિદેશમાં વધતી જતી ગરમી સામે અનેક મહિલાઓ સરકાર સામે કેસ કરી રહી છે!!

આપણા દેશમાં અત્યારે ગરમીની મોસમ ચાલી રહી છે ત્યારે સૌથી વધુ ગરમી પડી રહી છે લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ગયા છે ગરમાગરમ લુ વહે છે અને રસ્તા પર નીકળવું મુશ્કેલ બન્યું છે અમદાવાદ જેવા શહેરમાં લાખો વાહનો ના એક્ઝોસ્ટ ને કારણે ગરમી ખૂબ જ ભયંક રૂપ લેતી હોય તેવું લાગે છે બીજી બાજુ શહેરના આધુનિક બિલ્ડીંગોમાં લગાવેલા કાચ દ્વારા સૂર્યપ્રકાશનું પરાવર્તન થતું હોવાથી ગરમીમાં અનેક ઘણો વધારો થઈ રહ્યો છે આથી અમદાવાદની અંદર સૌથી વધુ ગરમી લાગે છે ગાંધીનગર ગ્રીન સિટી હોવા છતાં અહીં સૌથી વધુ એર કન્ડિશનનો બંગલાઓમાં કાર્યરત હોવાથી તેની ગરમી રોડ પર ફેલાય છે અને આ ગ્રીન સિટીમાં પણ ઉનાળાની ગરમીનું પ્રમાણ માની ન શકાય તેટલું વધતું જાય છે આ ગરમી માટે કોણ જવાબદાર છે આપણા દેશમાં તો માનવામાં આવે છે કે ગરમી વરસાદ વગેરે કુદરત પર આધારિત છે પરંતુ વિદેશના લોકો વધતી જતી ગરમી સામે સરકારને જવાબદાર ગણાવે છે કારણ કે સરકારી યોજનાઓને કારણે વૃક્ષોનો મોટા પ્રમાણમાં વિનાશ થાય છે સરકારની બેદરકારીને કારણે જ ક્લાઇમેટ ચેન્જ થઈ રહ્યું છે તેમ વિદેશના લોકો માને છે અને આથી તેઓ વધતી જતી ગરમીથી ત્રાહિમામ પોકારીને સરકાર સામે કોર્ટમાં કેસ દાખલ કરી રહ્યા છે ખાસ કરીને સ્વીઝરલેન્ડમાં આવી ઘટનાઓ બની રહી છે જેમાં વૃદ્ધ સ્ત્રી પુરુષો ગરમીથી પરેશાન થઈને તેનો ઉકરાટ સરકાર સામે ઠાલવે છે અને કોર્ટમાં કેસ કરે છે! આ કેસ કોર્ટમાં ચાલે પણ છે અને સરકારના પ્રતિનિધિ કોર્ટમાં હાજર થઈને વધતી જતી ગરમી સામે સરકાર સાચા પગલાં લઈ રહી છે તેની રજૂઆત પણ કરે છે અને ગરમીની મોસમમાં વયોર્દ્ધ લોકોને ઓછી મુશ્કેલી પડે તે માટે સરકાર જે કંઈ કાર્ય કરી રહી છે તેની રજૂઆત કરે છે

આપણા દેશમાં પણ ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આવી જ એક બેઠકનું આયોજન કરીને વધતી જતી ગરમી સામે લોકોને મુશ્કેલી ઓછી પડે માટે શું થઈ શકે તે માટે વિચારણા કરી હતી અને તેનો અમલ કરવા માટે પણ આદેશો આપ્યા છે.

લાઈવ મેચ ચેન્જને કારણે ગરમીમાં વધારો થઈ રહ્યો છે. ગરમીનુ વિકરાળ સ્વરુપ લોકોને ચિંતામાં મુકી રહ્યુ છે. નવા રિસર્ચ પ્રમાણે દુનિયાભરના ૬૫ દેશોમાં ઓગસ્ટ મહિનામાં રેકોર્ડ બ્રેક તાપમાન નોંધાયુ છે. બીજા દેશોમાં ગરમીની રીતે થોડી રાહત રહી છે પણ ૧૯૫૧થી ૧૯૮૦ વચ્ચેના સરેરાશ તાપમાન કરતા તો ઓગસ્ટ મહિનામાં ઘણુ વધારે તાપમાન નોંધાયુ છે.

અમેરિકાની એક સંસ્થાએ આ રિસર્ચ કર્યુ છે અને તેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૧૮૮૦થી તાપમાનનો રેકોર્ડ રાખવાની શરુઆત થઈ હતી અને ત્યારથી લઈને અત્યાર સુધીના રેકોર્ડ જોવામાં આવે તો ઓગસ્ટ મહિનામાં આટલુ તાપમાન ક્યારેય નોંધાયુ નથી.ઓગસ્ટ મહિનામાં ભારતના કેટલાક હિસ્સાઓમાં પણ અભૂતપૂર્વ ગરમી પડી હતી.

આ સિવાય જાપાન, ઉત્તર અમેરિકા, મધ્ય અમેરિકા, આફ્રિકાના કેટલાક હિસ્સાઓમાં પણ ઓગસ્ટ મહિનામાં ગરમીએ લોકોને પરેશાન કરી નાંખ્યા હતા. અમેરિકાની નેશનલ ઓસનિક એન્ડ એટમોસ્ફિરિક એડમિનિસ્ટ્રેશને ગુરુવારે કહ્યુ હતુ કે, ૧૭૪ વર્ષના ક્લાઈમેટ ચેન્જ રેકોર્ડ અનુસાર આ વર્ષે ઓગસ્ટનો મહિનો સૌથી ગરમ રહ્યો છે.

એનાલિસિસ પ્રમાણે ૨૦૧૬ની સરખામણીમાં ઓગસ્ટ ૨૦૨૩માં ૦.૩૧ ડિગ્રી તાપમાન વધ્યુ છે અને આ આંકડો હેરાન કરનારો છે. દુનિયાના બાકી હિસ્સાઓમાં પણ તાપમાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. દુનિયાના સરેરાશ તાપમાનમાં થઈ રહેલો વધારો ખતરાની ઘંટડી વગાડી રહ્યો છે. તાપમાનમાં

**આસપાસ ચોપાસ** — સુરેશ ભટ્ટ

વધારાના કારણે હિમાયલ સહિત તમામ બર્ફિલા વિસ્તારોમાં ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે.

પૃથ્વી પર સજીવ સૃષ્ટિ વિકસી શકે તેવા અનેક પરિબળો હોવાથી તે વિશિષ્ટ ગ્રહ બને છે. પૃથ્વી પરના પ્રાણી-પક્ષીઓ અને વનસ્પતિના જીવનનો આધાર ધરતી છે. પૃથ્વીની સપાટી પરના આ ભાગને ધરતીમાતા પણ કહેવાય છે. ધરતી કે જમીન એટલે પૃથ્વીની ઉપલી સપાટીનો ૩૭ કિલોમીટર સુધીની ઊંડાઈનો વિસ્તાર. આ પોપડો સજીવોને પોષણ પુરુ પાડે છે. જો કે સપાટી પર ૭૦ ટકા ભાગમાં સમુદ્રો આવેલા છે. બાકીની ૩૦ ટકા ભૂમિ વિસ્તારમાં સજીવ સૃષ્ટિ વિકસી છે. જમીન પર પર્વતો, ઊંચા નીચા મેદાનો, જંગલો, ભૌગોલિક વિસ્તાર છે. પૃથ્વીના વાયુમંડળ, પવન અને વરસાદને કારણે સપાટી પર વિવિધતા જોવા મળે છે.

જમીન પર માણસો અને અન્ય પ્રાણીઓ વસવાટ કરે છે. તે જ રીતે જમીનના પોપડામાં જાતજાતના જંતુઓ અને બેક્ટેરિયાની સૃષ્ટિ છે. વરસાદનું પાણી જમીનમાં ઉતરી આ સૃષ્ટિનું જીવન સરળ બનાવે છે. વનસ્પતિને જમીનમાંથી પોષણ મળે છે. વનસ્પતિના ખરી ગયેલાં પાન, પ્રાણી પક્ષીઓના મૃતદેહના અવશેષો વિગેરે જમીનમાં ઉતરી ફરીથી સેન્દ્રીય ખાતર બનાવે છે અને ઇયળો, અળસિયાં, કીડી, ઉધઇ વિગેરે દેહક્રિયા દ્વારા જમીનને વધુ ફળદ્રુપ બનાવે છે. વિવિધ પ્રકારની વનસ્પતિ જમીન પર વસતા પ્રાણી પક્ષીઓને ખોરાક બને છે. આમ પૃથ્વીનો આ પોપડો સજીવ સૃષ્ટિના જીવનચક્રનું મહત્ત્વનું અંગ છે. આ તમામ બાબતો પર્યાવરણની મહત્વની વસ્તુ છે સૌના જતન માટે આ બાબતો પર ગંભીરતાથી વિચારણા કરવામાં આવી રહી છે. માત્ર માનવીઓ જ નહીં પરંતુ જીવ માત્ર ને જીવવાનો અધિકાર છે સરકાર પર મૂળભૂત અધિકારોની રક્ષા ન કરવાનો આરોપ ઇસાબેલા ક્વાઇ નામની મહિલાઓએ મૂક્યો છે

સ્વિટ્ઝર્લેન્ડના વિભિન્ન હિસ્સામાં રહેતી મહિલાઓ જર્મન, ફ્રેન્ચ અને ઇટાલિયન ભાષા બોલે છે. તેમણે અલગ અલગ પ્રોફેશનમાં કામ કર્યું છે. પરંતુ, ૬૪ વર્ષથી વધુ ઉમરની ૨,૪૦૦ સ્વિસ મહિલાઓના જૂથ - ક્લિમાસીનિયરિનેન સ્કવિઝ કહે છે કે તેઓ બધા વધતા તાપમાન અને ભીષણ ગરમીથી ભયભીત છે. તેનાથી તેઓને જીવનના અંતિમ વર્ષોમાં અનેક બીમારીનો ખતરો પેદા થયો છે. ૭૧ વર્ષીય ફાતિમ હ્યુસલર અનુસાર, ઘરથી બહાર નીકળવું અને શ્વાસ લેવું મુશ્કેલ થઈ ગયું છે.

જર્મનીના સ્ટ્રોસબર્ગમાં વિરોધ કરતી વૃદ્ધ મહિલાઓ આજની તારીખે આંદોલન કરી રહી છે પર્યાવરણ પ્રત્યેની જાગૃતિના અભાવથી આજની તારીખની પર્યાવરણની આ સમસ્યા સર્જાણી હોવાનું તેમનું કહેવું છે આજે પર્યાવરણ બગડી ચૂક્યું છે. મહિલાના આ ગ્રુપની વધુ એક સભ્ય ૭૦ વર્ષીય તે ઇસાબેલે જોઈર્ગ અનુસાર, મને ગરમી ગમતી છે હતી પરંતુ હવે તેનાથી ડર લાગે છે.

આ વર્ષે દક્ષિણ યુરોપમાં હીટવેવથી ચિંતા વધી છે. મહિલાઓએ યુરોપની સૌથી મોટી માનવાધિકાર અદાલતમાં ૨૦૨૦માં એક કેસ દાખલ કરીને સરકાર પર આરોપ લગાવ્યો છે છે કે તેઓએ ક્લાઈમેટ ચેન્જથી તેમની સુરક્ષા પૂરી પાડવા માટે માટે પર્યાપ્ત પગલાં ઉઠાવ્યા નથી. તેનાથી અનેક દેશોમાં સરકારો વિરુદ્ધ કેસ કરવામાં આવી રહ્યા છે

દુનિયાના અનેક અન્ય દેશોમાં પણ કેસ દાખલ કરાયા છે. તેમાં તર્ક અપાયો છે કે સરકાર પોતાની જવાબાદારીથી બચી રહી છે અને નાગરિકોની કાળજી રાખવામાં નિષ્ફળ છે. ક્લિમાસિરિયરિનેન કેસમાં ચુકાદો ૨૦૨૪ સુધી આવે તેવી સંભાવના છે. કોર્ટ ક્લાઈમેટ ચેન્જ સંબંધિત અનેક અન્ય કેસ પર વિચારી રહી છે. તેમાં એક પોર્ટુગલના યુવાઓના ગ્રૂપે ૩૩ દેશો પર ગ્રીન હાઉસ ગેસોનું ઉત્સર્જન રોકવામાં નિષ્ફળતાનો આરોપ લગાવ્યો છે. ફ્રાન્સ સરકાર વિરુદ્ધ પણ આવો કેસ ચાલી રહ્યો છે.

તેઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થયું છે. સ્વિટ્ઝર્લેન્ડમાં આ સૌથી ગરમ વર્ષને રેકોર્ડ રહ્યો છે. ગત મહિને કેટલાક અલ્પાઈન ક્ષેત્રોમાં તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું.

# ચીને ૨૦૧૭-૨૩માં કરી દસ લાખ ઉઈગર મુસ્લિમોની ધરપકડ : યુએસ રિપોર્ટમાં ખુલાસો

વોશિંગ્ટન,

ચીનમાં મુસ્લિમો પર અત્યાચાર થઈ રહ્યા છે તે તો આખી દુનિયા જાણી ચૂકી છે પણ તેને લઈને છાશવારે જે પ્રકારની જાણકારી સામે આવે છે તે ચોંકાવનારી હોય છે. અમેરિકાએ હાલમાં જ એક અહેવાલ જાહેર કરીને ચીનની ફરી એક વખત પોલ ખોલી નાંખી છે. આ અહેવાલ અનુસાર ચીનમાં ૨૦૧૭ થી ૨૦૨૩ સુધીમાં દસ લાખ ઉઈગર સહિતના મુસ્લિમોને મનફાવે તે રીતે પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યુ છે કે, 'અમે દુનિયાભરમાં માનવાધિકારોનુ સન્માન કરનારા અને લોકોની સ્વતંત્રતા માટે લડનારાઓનુ સમર્થન કરવાનુ ચાલુ રાખીશું. ચીનમાં ૨૦૧૭ બાદ અત્યાર સુધીમાં ૧૦ લાખ લોકોની ચીનની સરકારે અટકાયત કરી છે. તેમને નજરકેદમાં રાખવામાં આવ્યા છે અથવા તો જેલમાં ધકેલી દેવાયા છે. પત્રકારો,વકીલો, લેખકો, સોશિયલ મીડિયાના બ્લોગર્સ તથા સ્વતંત્રતાના હિમાયતી બીજા લોકો સામે ચીનની સરકાર કોર્ટમાં મનફાવે તે રીતે કેસ ચલાવી રહી છે. સાથે સાથે ઈન્ટરનેટ પર પણ પ્રતિબંધો મુકયા છે. ચીનમાં માનવાધિકારોનુ ઉલ્લંઘન બહુ સામાન્ય વાત છે અને લઘુમતી સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવીને તેમની સામે હિંસાનુ શસ્ત્ર ઉગામવામાં આવે છે.'

વિદેશ મંત્રાલયે આગળ કહ્યુ છે કે, 'ચીનની સરકારે માનવાધિકારોનુ હનન કરનારા અધિકારીઓની ઓળખ કરીને તેમની સામે કાર્યવાહી કરવાની કોઈ હિલચાલ કરી નથી. ચીનના ઝિજિયાંગ ખાતેના લેબર કેમ્પમાં તો લોકોના મોત થયા હોવાનુ પણ અમને જાણવા મળ્યુ છે. એક મીડિયા રિપોર્ટમાં જણાવાયુ છે કે અન્ય એક પ્રાંતની તુમશુક જેલમાં ઈદની રજા પહેલા ઓછામાં ઓછા ૨૬ ઉઈગર મુસ્લિમોના મૃતદેહ તેમના પરિવારનો સોંપવામાં આવ્યા હતા. એટલુ જ નહીં પણ દેશના ઘણા હિસ્સાઓમાં લોકો ગાયબ થઈ રહ્યા છે.'

વિદેશ મંત્રાલયે જાહેર કરેલા રિપોર્ટમાં એવો પણ આક્ષેપ કરાયો છે કે, 'મુસ્લિમો માટે અવાજ ઉઠાવનારા માનવાધિકાર કાર્યકરો, પત્રકારો, ધાર્મિક નેતાઓ અને તેમના પરિવારના સભ્યોને પણ ગમે ત્યારે પોલીસ ધરપકડ કરીને જેલમાં પૂરી દે છે.'

# 'ભૈયા જી' ફિલ્મનું 'બાઘ કા કરેજા' ગીતથી રીલીઝ, મનોજ બાજપેયી જોવા મળશે એંગ્રી યંગમેનના અવતારમાં

મુંબઇ

મનોજ બાજપેયી હંમેશા એંગ્રી યંગમેન ના રોલમાં અનેક ફિલ્મોમાં નજરે પડ્યા અને દમદાર અભિનયથી દર્શકોનું દિલ જીતી લીધુ છે. જ્યારથી મનોજ બાજપેયીની નવી મુવીનું એલાન થયુ છે ત્યારથી ફેન્સ સુપર એક્સાઈટેડ થઇ ગયા છે. આ ફિલ્મનું નામ ભૈયા જી છે. આ ફિલ્મથી મનોજ તિવારીએ એક નવી શરૂઆત કરશે. થોડા દિવસો પહેલાં ફિલ્મનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યુ હતુ જેમાં એક્ટરે પોતાના અંદાજથી લોકોનું દિલ જીતી લીધુ છે. જો કે હાલમાં ભૈયા જી મુવીનું નવુ સોન્ગ રિલીઝ થયુ છે. આ સોન્ગ ફેન્સને ખૂબ ગમી ગયુ છે. ફિલ્મનું નિર્દેશન અર્પૂવ સિંહ કાર્કીએ કર્યુ છે. આ પહેલા મનોજ બાજપેયીની શાનદાર મૂવી એક




બંદા કાફી હૈમાં નિર્માણ કરી ચુક્યા છે. આ ફિલ્મ ૨૪ મે ૨૦૨૪ના રોજ રિલીઝ થશે.

ભૈયા જીના ગીત પર બાઘના કરેજામાં મનોજ બાજપેયીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. ગીતમાં ગજબનો એક્શન સીન જોવા મળી રહ્યો છે.

# યુઝવેન્દ્ર ચહલે ઈતિહાસ રચ્યો : પત્ની ધનશ્રીએ પોતાનો પ્રેમ વરસાવ્યો

મુંબઇ,

આઇપીએલ ૨૦૨૪ની ૩૮મી મેચમાં રાજસ્થાન રોયલ્સના સ્પિનર યુઝવેન્દ્ર ચહલે નવો ઈતિહાસ રચ્યો છે. તેણે અફઘાનિસ્તાનના બેટ્સમેન મોહમ્મદ નબીને આઉટ કર્યા બાદ આ સિદ્ધિ મેળવી હતી. જે બાદ તેની પત્નીએ તેના ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરીને યુઝવેન્દ્ર પર પ્રેમ વરસાવ્યો છે. વાસ્તવમાં, યુઝવેન્દ્ર આઈપીએલમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર બની ગયો છે. તેણે મોહમ્મદ નબીની વિકેટ લઈને આ સિદ્ધિ મેળવી હતી.

આ પહેલા આઈપીએલમાં ૨૦૦ વિકેટ ઝડપનાર કોઈ બોલર નથી. ચહલે આઇપીએલની પોતાની ૧૫૩મી મેચમાં તેની ૨૦૦મી વિકેટ લીધી છે. યુચવેન્દ્ર ચહલની પત્ની ધનશ્રી વર્માએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આઈપીએલનો વીડિયો શેર કર્યો છે, જેમાં ચહલ તેની ૨૦૦મી વિકેટ લઈ રહ્યો છે. આ સાથે ધનશ્રીએ લખ્યું - "સારું લાયક, આઈપીએલ ઈતિહાસમાં ૨૦૦ વિકેટ લેનાર પ્રથમ બોલર. હજુ ઘણું કરવાનું બાકી છે. તે મહાન છે. હું પહેલેથી જ કહી રહ્યો છું." યુજવેન્દ્ર ચહલે આઈપીએલમાં ત્રણ ફ્રેન્ચાઈઝી માટે મેચ રમી છે. જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, મુંબઈ ઈન્ડિયન્સ અને હવે રાજસ્થાન રોયલ્સનો સમાવેશ થાય છે. ચહલે તેની પ્રથમ વિકેટ ૧૭ એપ્રિલ ૨૦૧૪ના રોજ દિલ્હી સામે લીધી હતી. અને હવે મુંબઈ સામે તેની ૨૦૦મી વિકેટ લીધી.

ચહલે અત્યાર સુધીમાં ૫૫૮.૫ ઓવર ફેંકી છે.

# બુક કરેલી ટિકિટો રદ કરતા મોટી રકમની કપાત નહીં થાય

## રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે

નવીદિલ્હી,

રેલવેએ મુસાફરોને મોટી રાહત આપી છે. IRCTC વેબસાઇટથી બુક થયેલી વેઈટિંગ અને RAC ટિકિટો રદ કરવાના કિસ્સામાં સુવિધા ફીના નામે મોટી રકમની કપાત નહીં થાય. હવે આવી ટિકિટો પર રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ માત્ર રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે. હવે આવી ટિકિટો પર રેલવે દ્વારા નિર્ધારિત યાત્રી દીઠ માત્ર રૂપિયા ૬૦ કેન્સલેશન ફી વસૂલવામાં આવશે.




એક મુસાફરની ફરિયાદના આધારે રેલવેએ મુસાફરોને આ રાહત આપવાનો નિર્ણય કર્યો છે. તેનાથી સમગ્ર દેશના લોકોને રાહત મળશે. મુસાફરે ૧૨ એપ્રિલે રેલવે પ્રશાસનને ટિકિટ કેન્સલ કરાવવા માટે IRCTC દ્વારા વસૂલવામાં આવતી મનમાની ફી અંગે પત્ર મોકલ્યો હતો. જેમાં તેણે કહ્યું હતું કે, જો IRCTC વેબસાઈટ દ્વારા બુક કરવામાં આવેલી વેઈટિંગ ટિકિટ કન્ફર્મ ન થાય તો રેલવે પોતે જ તે ટિકિટો કેન્સલ કરી દે છે. તેમજ અમારા દ્વારા ચૂકવવામાં આવતી રકમનો મોટો ભાગ સર્વિસ ચાર્જ તરીકે કાપવામાં આવે છે.

ઉદાહરણ તરીકે, એવું કહેવામાં આવ્યું હતું કે જો વેઈટિંગ ટિકિટ ૧૯૦ રૂપિયામાં બુક કરવામાં આવતી તો ટિકિટ કન્ફર્મ ના હોય, ત્યારે રેલવે માત્ર ૯૫ રૂપિયા જ રિફંડ કરતી હતી. આ ફરિયાદના આધારે, IRCTCએ આ મોટી કાર્યવાહી કરી છે. IRCTCના મેનેજિંગ ડિરેક્ટરે ૧૮ એપ્રિલે ફરિયાદી મુસાફરને જાણ કરી હતી કે, ટિકિટ બુકિંગ અને રિફંડ સંબંધિત નીતિ, નિર્ણયો અને નિયમો ભારતીય રેલવે (રેલવે બોર્ડ)નો વિષય છે.

# ૧૦૦ જેટલાં ભારતીયોની વસતી ધરાવતા સુદાનમાં ભૂખમરો, એક સમયે અન્નનો કોઠાર કહેવાતો હતો

સુદાન,

સતત ચાલતા યુદ્ધ અને વહીવટી તંત્રના લગભગ અભાવે સુદાનને નિષ્ફળ રાષ્ટ્ર બનાવ્યું છે. પરિસ્થિતિ હૃદય દ્રાવક બની છે. દુનિયામાં પોતાના જ દેશમાં અગણિત લોકો નિર્વાસિત બની ગયા છે. ન તો ગાઝામાં કે ન તો યુક્રેનમાં આ પરિસ્થિતિ છે. સુદાનમાં લાખ્ખો લોકો ભૂખમરો વેઠી રહ્યા છે. પીવાનાં પાણીની પણ અસહ્ય તંગી છે. વિધિની



વક્રતા તે છે કે ઈજીપ્તના ફેરોઝ કે ટોલેલી ફિલાડેલ્ફીયા કે સમાટ્ર કિલઓવેટ્રાના સમયથી ગોલ્ડન હાર્વેસ (ઘઉં) દ્વારા વિખ્યાત બની રહેલા સુદાનમાં લાખ્ખો લોકો ભૂખમરા અને પાણીની તંગીથી ટળવળી રહ્યાં છે. યુનો તેમજ અન્ય દેશો દ્વારા પણ મોકલાતી અન્ન સહાય ભૂખે ટળવળતા લાખ્ખો લોકો માટે પૂરી પડી શકે તેમ નથી. યુનો હવે વધુ ને વધુ સહાય મોકલી રહ્યું છે. આફ્રિકાના ત્રીજા સૌથી વિશાળ રાષ્ટ્રમાં આ પરિસ્થિતિ વાસ્તવમાં માનવ સર્જિત છે.

અહીં ઉત્તરે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ છે. બ્લ્યુ નાઈમથી દક્ષિણે ખ્રિસ્તી ધર્મીઓ ભારે મોટી બહુમતીમાં છે. વર્ષોથી બંને વચ્ચે સતત સંઘર્ષ ચાલે છે. ખાર્ટુમમાં લશ્કરી જુન્ટાનું શાસન છે. અહીં લોકશાહી હતી જ. તેનું સંવિધાન ઘડવા અને પંચવર્ષિય યોજનાઓ તૈયાર કરવા ભારતના સુકુમાર સેનનાં નેતૃત્વ નીચે અર્થશાસ્ત્રીઓ અને રાજ્ય શાસ્ત્રીઓનું પ્રતિનિધિ મંડળ ત્યાં ગયું હતું. તમોને ભાગ્યે જ માહિતી હશે કે ખાર્ટુમના એક રાજમાર્ગનું નામ સુકુમાર સેન માર્ગ રાખવામાં આવ્યું છે.

# બોલિવૂડ સ્ટાર્સ ટ્રેન્ડની સાથે જળવાઈ રહેવા માટે કપડાં ભાડા પર વસાવે છે : ખુરાના

મુંબઈ,

બોલિવૂડના સ્ટાર્સ પોતાના લૂકને લઈને એકદમ ગંભીર હોય છે. તેઓ પોતાના મેક-અપથી લઈને પોતાના ડ્રેસ સુધીની તમામ બાબતોનું ખાસ ધ્યાન રાખતાં હોય છે.

આકર્ષક દેખાવા માટે તેઓ સતત કંઈકને કંઈક નવું કરતા રહેતાં હોય છે. તાજેતરમાં એક મુલાકાતમાં અભિનેતા આયુષ્યમાન ખુરાનાએ બોલિવૂડમાં ભાડાના ચલણ પર મોટું નિવેદન કર્યું છે. તેણે બોલિવૂડ સ્ટાર્સના કપડાંને લઈને ચોંકાવનારું નિવેદન આપી દીધું છે. અભિનેતાએ જણાવ્યું હતું કે તે એક ખુલ્લું રહસ્ય છે કે મોટાભાગના બોલિવૂડ સ્ટાર્સ ટ્રેન્ડની સાથે જળવાઈ રહેવા માટે કપડાં ખરીદવાના બદલે તેને ભાડા પર વસાવે છે. આ દરમિયાન તેણે પોતાના ભાઈ અને અભિનેતા અપારશક્તિ ખુરાના સાથે જોડાયેલો એક કિસ્સો પણ શેર કર્યો હતો. અભિનેતાઓ એક યૂ-ટયૂબ ચેનલ સાથેની મુલાકાતમાં જણાવ્યું હતું કે આખું બોલિવૂડ ભાડા પર ચાલે છે. તમને લાગે છે કે અમે કપડાં ખરીદતાં હોઈશું? અમે સ્ટાઈલિસ્ટોને કામ પર રાખીએ છીએ, તેમની પાસેથી કપડાં લઈએ છીએ અને પરત આપી દઈએ છીએ. અમે આટલા બધા કપડાં કેવી રીતે લઈ શકીએ? આયુષ્યમાન દિલજીત દોસાંજની સ્ટાઈલ અને તેની વૈશ્વિક રિચની પ્રશંસા કરતાં કહે છે કે મને દિલજીત દોસાંજની સ્ટાઈલ પસંદ છે.

# ફોરેકસ ટ્રેડીંગમાં મોટા નફાની લાલચ આપીને ઠગાઈના વધતા કેસ

## અનઅધિકૃત સંસ્થાઓનાં નામોનું લીસ્ટ જાહેર કરવા બેંકોને રિઝર્વ બેન્કની સુચના

નવીદિલ્હી,

ફોરેકસ ટ્રેડીગમાં તગડા રીટર્નની લાલચ આપીને બીનઅધિકૃત સંસ્થાઓ સામાન્ય લોકોને જાળમાં ફસાવીને આર્થિક નુકશાન કરી રહ્યા છે.આ પ્રકારના વધતા કેસોને પગલે રીઝર્વ બેન્કે એલર્ટ જાહેર કર્યુ છે. અનઅધિકૃત સંસ્થાઓનાં નામોનું લીસ્ટ જાહેર કરવા બેંકોને સુચના આપવામાં આવી છે.

રિઝર્વ બેન્કની તપાસમાં એવો ખુલાસો થયો છે કે લોકલ એજન્ટો બનાવીને બિન અધિકૃત સંસ્થાઓ લોકોને જાળમાં ફસાવી રહી છે. એજન્ટો માર્જીન, રોકાણ વગેરે માટે બેંક ખાતા ખોલે છે. આ એકાઉન્ટ વ્યકિતગત કે કંપની કે સંસ્થાના નામે ખોલવામાં આવે છે અને તેમાં નાણાંકીય ગોટાળા થાય છે. બીન અધિકૃત સંસ્થાઓ આ પ્રકારનાં બેંક ખાતા મારફત ઓનલાઈન ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ગેરકાયદે ફોરેકસ ટ્રેડીગ કરાવે છે.

રિઝર્વ બેન્કે તમામ બેંકોને લેખીતમાં સુચના આપી છે કે અધિકૃત ડીલરો મારફત જ ફોરેકસ ટ્રેડીગ કરવા ગ્રાહકોને માર્ગદર્શન આપવામાં આવે અને અનઅધિકૃત સંસ્થાઓનું લીસ્ટ નહિં કરવામાં આવે.અનઅધિકૃત સંસ્થાઓ દ્વારા ફોરેકસ, ટ્રેડીગમાં બેંક ચેનલોના થતા ઉપયોગ રોકવા સતર્કતા રાખવામાં આવે.

# સિરીઝ 'ધ ફેમિલી મેન ૩' સાથે જોડાયેલી એક માહિતી સામે આવી

મુંબઈ,

'ધ ફેમિલી મેન'ની બંને સીઝનોએ લોકોનું ઘણું રોમાંચક લાગ્યું હતું અને તેને ખૂબ પસંદ પણ કર્યું છે. મનોજ બાજપેયી શ્રીકાંત તિવારીના રોલમાં અને શારીબ હાશ્મી જેકે તલપડેના રોલમાં મગ્ન હતા. બંને વચ્ચેની કેમેસ્ટ્રી જબરદસ્ત હતી. પહેલી સિઝન ૨૦૧૯માં આવી હતી અને ૨૦૨૧માં મેકર્સ બીજી સિઝન લઈને આવ્યા હતા. હવે બધા છેલ્લા ત્રણ વર્ષથી 'ધ ફેમિલી મેન ૩'ની રાહ જોઈ રહ્યા છે. જો તમે પણ રાહ જોનારાઓમાં છો, તો તમારા માટે આ સીરિઝ સાથે જોડાયેલી એક માહિતી સામે આવી છે. તાજેતરમાં, 'ધ ફેમિલી મેન'ના પહેલા ભાગના લેખક સુપરને ત્રીજા ભાગ વિશે પૂછવામાં આવ્યું હતું.

# બિગ બજેટ તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં અક્ષય કુમારનો સમાવેશ થયો

મુંબઈ,


અક્ષય કુમાર પોતાના કેરેક્ટર સાથે હંમેશા અખતરા કરતા હોવાથી એક્શન-કોમેડી અને ડાન્સ સહિતના તમામ રોલ પર હાથ અજમાવી ચૂક્યા છે. અક્ષયે સતત નવું કરતા રહેવાની પોતાની આદતને આગળ ધપાવતા તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં આગમન કરવાનો નિર્ણય લીધો છે. બિગ બજેટ તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં અક્ષય કુમારનો સમાવેશ થયો છે. વિષ્ણુ માંચુનો લીડ રોલ ધરાવતી આ ફિલ્મમાં અક્ષયની એન્ટ્રી અંગે સત્તાવાર



જાહેરાત થઈ ચૂકી છે. તેમની સાથે આ ફિલ્મમાં સાઉથની જાણીતી એક્ટ્રેસ કાજલ અગ્રવાલ પણ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિષ્ણુ માંચુની 'કનપ્પા'ને બજેટ અને સ્ટારડમની રીતે મોટી બનાવવા પ્રયાસ થઈ રહ્યા છે. અક્ષય બાદ તેમાં કાજલ અગ્રવાલની એન્ટ્રી પણ થઈ ચૂકી છે. અગાઉ તેલુગુ એક્ટર વિષ્ણુ માંચુએ સોશિયલ મીડિયા પર અક્ષય કુમાર સાથે જોડાણની જાહેરાત કરી હતી. અક્ષય કુમાર સાથેનો ફોટોગ્રાફ શેર કરતા વિષ્ણુ માંચુએ જણાવ્યુ હતું કે, સુપરસ્ટાર અક્ષય કુમાર તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલી ફિલ્મ કરી રહ્યા છે. તેમની સાથે 'કનપ્પા'ની જાહેરાત કરતા આનંદ અનુભવું છે.

# દુનિયાભરના ધનિકોની નવી વસાહત : દુબઇ

## દુબઇમાં ૧૧૬૫૦૦ કરોડપતિઓ ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તિવાળા અને ૨૦ અબજોપતિઓ છે



દુબઇ

દરેક શહેરોમાં કેટલાક વિસ્તારોમાં કરોડપતિ લોકો રહેતા હોય તેને પોર્શ વિસ્તારો કહેવામાં આવે છે. આવા વિસ્તારોમાં જઈએ ત્યાં જ એક અલગ વાતાવરણ જોવા મળતું હોય છે. ત્યાં મળતી સારી સુવિધાઓ અને શાંતિ મેળવવા માટે શહેરનો દરેક નાગરિક આર્થિક રીતે સક્ષમ હોતો નથી. હવે તો શહેરો થી દૂર પણ આ પ્રકારની કોલોનીઓ વિકસાવવામાં આવી રહી છે ત્યારે યુએઈનું દુબઇ પોર્શ દેશ બની રહ્યો છે.

વધતી મિલકતોની કિંમતો અને મોંઘવારીમાં દુબઈમાં સામાન્ય માણસ માટે જીવન અઘરું છે. ન્યૂ વર્લ્ડ વેલ્થના રિસર્ચના જણાવ્યા મુજબ યુક્રેન,સીરિયા જેવા દેશોમાં અશાંતિને કારણે અને કરવેરા કે સલામતી જેવા અન્ય કારણોસર દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, નાઈજીરીયા તેમજ તાન્ઝાનિયા અને અલ્જેરિયા જેવા દેશોમાંથી દુબઈમાં કરોડોપતિઓનું મોટા પાયે સ્થળાંતર થઇ રહ્યું છે.

દુબઈ વિશ્વના ટોચના વ્યાપાર અને નાણાકીય કેન્દ્રોમાંનું એક હોવાથી અહીં વ્યવસાયની તકો છે જયારે આફ્રિકામાં સલામતી અને સુરક્ષાની ચિંતાઓ જોવા મળી રહી છે તે સિવાય ૈછઈ માં ઓછા કરનું પણ દુનિયાભરના કરોડપતિઓને આકર્ષણ રહે છે. આજની પરિસ્થિતિ જોતા ૈછઈ તરફ સ્થળાંતરનું આ વલણ ૨૦૨૪ પછી પણ ચાલુ રહેશે. દુબઇ લંડન, યુરોપ અને પેરિસને પાછળ છોડીને મધ્ય પૂર્વ પ્રદેશમાં કરોડપતિ સંપત્તિનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું છે. એક સર્વે અનુસાર કરોડોપતિઓ મોટાભાગે યુકે, યુએસ, ઑસ્ટ્રેલિયા અને યુએઈ સિવાય ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ, મોનાકો, પોર્ટુગલ, કેનેડા, ન્યુઝીલેન્ડ અને ઈઝરાયેલમાં પણ મોટી સંખ્યામાં સ્થળાંતર કરી રહ્યા છે જે ઓસ્ટ્રેલિયા પછી બીજા નંબરનું સૌથી વધુ સ્થળાંતર છે.

ૈછઈમાં હાલ ૧૦૦ મિલિયન ડોલરની સંપત્તિ ધરાવતા ૧૧૬,૫૦૦ કરોડપતિ અને ૨૦ અબજોપતિ છે જેમાંથી ફક્ત દુબઈમાં ૭૨,૫૦૦ કરોડપતિ અને ૧૫ અબજોપતિઓ વસે છે. ૨૦૧૩ અને ૨૦૨૩ વચ્ચે ઉચ્ચ નેટવર્થ ધરાવતા વ્યક્તિઓની સંપત્તિમાં ૭૭ ટકાનો વધારો થયો છે જે બ્રિક્સ દેશોમાં સૌથી વધુ છે.

વૈશ્વિક રોકાણકારોમાં આત્મવિશ્વાસ વધારતા સરકારે કોવિડ-૧૯ને સફળતાપૂર્વક સંભાળ્યા બાદ મહામારી પછીના સમયગાળામાં મોટી સંખ્યામાં ઉચ્ચ અને અતિ-ઉચ્ચ નેટ-વર્થ વ્યક્તિઓ ૈછઈ તરફ આકર્ષાયા છે. આ ઉપરાંત, વિશ્વભરમાંથી શ્રેષ્ઠ પ્રતિભાઓને આકર્ષવા માટે ઘણી નવી વ્યવસાયનીતિઓ અને કરમાળખું રજૂ કરવામાં આવ્યું હતું જેનો હકારાત્મક પ્રતિભાવ દુબઈમાં સ્થળાંતર કરી રહેલા કરોડપતિઓમાં જોવા મળી રહ્યો છે.સ્થાયી થયા સિવાયના ઘણા ઉદ્યોગગૃહો એવા પણ છે જેઓએ તેમની ઓફિસો દુબઈમાં શરુ કરી છે. સલામતી અને કરવ્યવસ્થાના દમ ઉપર દુબઇ હવે ધનિકોની વસાહત બની રહી છે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટ મનપા દ્વારા બાળકના જન્મ.જાત હૃદયના કાણાનનું વિનામૂલ્યે સફળ ઓપરેશન

રાજકોટ,

રાજકોટ શહેરમાં રેલનગરમાં રહેતા જન્મ.જાત બાળકના હૃદયમાં કાણુ જોવા મળતા મ્યુરનિ. કોર્પોરેશનની આરબીએકે ટીમ દ્વારા વિનામૂલ્યે સફળતાપૂર્વક ઓપરેશન કરાયું હતું.

આ અંગે મનપાની સતાવાર યાદીમાં જણાવ્યા મુજબ મહેશભાઈ વાળા અને પ્રીયંકાબેન વાળા જે રેલનગર વિસ્તા રમાં રહે છે તેમને ત્યાંા પર્વરાજનો જન્મઈ તા.૧૦ નવેમ્બેર ૨૦૨૩નાં થયેલ પરંતુ બાળકની હૃદયમાં કાણું હોવાનું ડોકટરો દ્વારા નિદાન કરવામાં આવેલ. નાના બાળકનાં હૃદયમાં કાણું હોવાનું માતા-પિતાને માલુમ પડતા જ શાળા આરોગ્યો કાર્યક્રમ તપાસણી દરમ્યા ન સંતોષીનગર આંગણવાડીમાં તપાસ અર્થે આવેલ?આર.બી.એસ.કે.



?ટીમનાં ડોક્ટ?રશ્રીઓએ પર્વરાજને ઘરે જઈ તપાસીને માતા-પિતાને ઓપરેશન માટે સમજાવી યુ.એન.મહેતા. હોસ્પિમટલ-અમદાવાદ ખાતે વિનામૂલ્યેજ?એસ.એચ.-આર.બી.એસ.કે. ?કાર્યક્રમ હેઠળ સફળતાપૂર્વક ઓપરેશન કરાવવામાં આવેલ છે. હાલ બાળકની સ્થિલતિ સારી છે.

મ્યુવનિસિપલ કમિશનર આનંદ પટેલ,નાયબ મ્યુસનિસિપલ કમિશનર સ્વઓપ્નિજલ ખરેના માર્ગદર્શન હેઠળ આરોગ્યક અધિકારીશ્રી ડો. જયેશકુમાર વકાણી,?આર.સી.એચ. ઓફિસરશ્રી ડો. લલિત વાંઝાની જહેમતથી સંદર્ભ સેવાઓની વ્યકવસ્થાપ કરી યુ.એન.મહેતા. હોસ્પિરટલ-અમદાવાદ ખાતે વિનામૂલ્યેદ? એસ.એચ.-આર.બી.એસ.કે કાર્યક્રમ હેઠળ સફળતાપૂર્વક ઓપરેશન કરાવવામાં આવેલ છે.?આર.બી.એસ.કે આરોગ્યત ટીમનાં ડો. રાજવી કાનાબાર અને ડો. વિશાલ વાછાણીનો બાળકના માતા-પિતા દ્વારા કામગીરી બદલ આભાર વ્યએક્તક કર્યો હતો.

# રાજકોટ ડિવિઝનની વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૨૨૭૬ કરોડની આવક મેળવી

રાજકોટ,

પશ્ચિમ રેલવેનું રાજકોટ ડિવિઝન ભારતીય રેલવે માટે કમાણીની દ્રષ્ટિએ સતત ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. રાજકોટ ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વનીકુમારે જણાવ્યુંક હતું કે દર વર્ષની જેમ આ વખતે પણ ડીવીઝન દ્વારા નૂર પરિવહનમાંથી સૌથી વધુ આવક મેળવીને નવો રેકોર્ડ સ્થા પ્યોી છે અને સર્વાંગી વિકાસની દિશામાં ઝંડો લહેરાવ્યોા છે.

રાજકોટ ડિવિઝને વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન દરેક ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે અને ૨૨૭૬.૪૪ કરોડ રૂપિયાની નોંધપાત્ર વાર્ષિક આવક મેળવી છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ની ૨૦૪૫.૬૦ કરોડની વાર્ષિક આવક કરતાં ૧૧.૨૯ એટ્લે કે ૨૩૦ કરોડ રૂ વધુ છે. આ ૨૨૭૬.૪૪ કરોડની આ આવકમાંથી મહત્તમ રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક નૂર ભાડા થી, રૂ. ૩૭૪.૧૨ કરોડ પેસેંજર આવક થી અને રૂ. ૩૧.૨૦ કરોડની આવક પાર્સલ સહિત અન્યભ સ્ત્રોતોમાંથી પ્રાપ્ત થઈ છે.

રાજકોટ ડિવિઝને ૨૦૨૩-૨૪માં નૂર પરિવહનમાંથી રૂ. ૧૮૭૧.૧૨ કરોડની આવક હાંસલ કરી છે જે ગયા વર્ષે ની રૂ. ૧૬૯૦.૩૦ કરોડની સરખામણીએ ૧૦.૭૦ એટલે કે રૂ. ૧૮૦.૮૨ કરોડ વધુ છે. પેસેંજર આવક માં થી ૨૦૨૩-૨૪માં રૂ. ૩૭૪.૧૨ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે ગયા વર્ષ ની રૂ. ૩૨૧.૯૯ કરોડની સરખામણીએ ૧૬.૨૦ એટલે કે રૂ. ૫૨.૧૩ કરોડ વધુ છે. આ વર્ષે રાજકોટ ડિવિઝનમાંથી ૧.૦૫ કરોડ લોકોએ મુસાફરી કરી છે.રાજકોટ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓએ પોતાની મહેનત અને નિષ્ઠા થી કામ કરીને ડિવિઝનને દરેક ક્ષેત્રે નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે અને નોંધપાત્ર આવક મેળવીને ભારતીય રેલવેના વિકાસમાં મહત્વ નું યોગદાન આપ્યું છે

# રાજકોટમાં પરસોત્તમભાઈ રૂપાલાએ શ્રીનાથધામ હવેલીની મુલાકાત લઈ ઠાકોરજીના દર્શન કર્યા



રાજકોટ,

લોકસભા ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલા ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. ત્યારે તેઓએ ગઈ કાલે શ્રી નાથધામ હવેલી ફર્ફ રાજકોટ ખાતે મુલાકાત લીધી હતી. અને ઠાકોરજીના દર્શન કર્યા હતા. આગામી ચૂંટણી માટે ભવ્ય વિજય મેળવવા આશીર્વાદ લીધા હતા. આ તકે પરસોત્તમભાઈ રૂપાલા (કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર) સાથે રામભાઈ મોકરીયા (સાંસદ સભ્ય) ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી નાથધામ હવેલી ફર્ફ રાજકોટ ખાતે ૨૩ એપ્રિલ ૨૦૨૪ના રોજ સાંજે પરસોત્તમભાઈ રૂપાલા (કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર) શ્રી ઠાકોરજીના દર્શનાર્થે પધાર્યા હતા. ત્યારે આવનાર લોકસભા ચૂંટણીમાં જવલંત વિજય પ્રાપ્તિ માટે વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદય વીડિયો કોલિંગના માધ્યમથી હાર્દિક શુભેચ્છા તેમજ આશીર્વાદ પ્રદાન કર્યા હતા.

# રવિવારે રાજકોટમાં સમસ્ત કોળી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળો યોજાશે

રાજકોટ,

સમસ્ત કોળી સમાજના દિકરા-દિકરીઓને યોગ્ય મનપસંદ જીવનસાથી પાત્ર મળે અને સમાજના વડીલો એકબીજાના સંપર્કમાં આવે અને એક જ સ્થળ પર એકબીજાનો સંપર્ક કરી શકે તેવા હેતુથી જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ દ્વારા અલગ-અલગ શહેરોમાં વેવિશાળ પસંદગી મેળાનું આયોજન કરવામાં આવે છે.

સમગ્ર ગુજરાત રાજયભરમાં રહેતા ચુંવાળીયા, તળપદા, ઘેડીયા, દિવેચા સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા એજયુકેશન ફેમીલીના યુવક યુવતીઓ માટે કોળી શકિત્ત યુવક મંડળ અમરેલી તથા જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ રાજકોટ દ્વારા તારીખ ૨૮/૦૪/૨૦૨૪ રવિવારે સવારે ૮.૦૦ કલાકે થી ૨.૦૦ વાગ્યા સુધી શ્રી તળપદા કોળી સમાજની વાડી, હનુમાજી મંદિરની બાજુમાં, મું. બરવાળા, જી. બોટાદ મુકામે શાહી-જાજરમાન આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં સહભાગી થવા માટે સૌરાષ્ટ્ર, ગુજરાત જીલ્લા, શહેરના કોળી સમાજના તમામ આગેવાનો, ડોકટરો, વકિલો, શિક્ષકો, ઉચ્ચકક્ષાના સરકારી કર્મચારીઓને પધારવા આમંત્રણ છે. ફક્ત યુવતિઓ માટે અભ્યાસ ધ્યાનમાં લેવામાં આવશે નહિ.આ આયોજનને સફળ બનાવવામાટે કોળી શક્તિ યુવક મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ અમરેલી મંડળના હોદેદારો અને જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ મહા મંત્રી કલ્પેશભાઈ બાવરીયા રાજકોટ ટ્રસ્ટના હોદેદારો અને બરવાળા કોળી સમાજ બોર્ડીંગના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને મહેર સમાજ- સતવારા સમાજ - વંથલી પાટીદાર સમાજનો સંપુર્ણ સમર્થન



રાજકોટ અત્રે મુંજકા રોડ સ્થિત સમસ્ત મહેર સમાજની વાડીમાં રાજકોટ શહેરમાં વસતા મહેર સમાજનુ એક સ્નેહ મિલન યોજાયુ હતુ. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહયા હતા.

આ સ્નેહ મિલનના કાર્યક્રમમાં રાજકોટના મહેર સમાજ દ્વારા ભાજપના રાજકોટના લોકસભાના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાને મજબુત સમર્થન આપવાનો નર્ણયિ લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી રૂપાલાજીએ મહેર સમાજનો આભાર માનીને યશશ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે વિવિધ ક્ષેત્રે સાધેલ વિકાસની હરણફાળની વિગતો આપી હતી.



સ્પીડવેલ પાર્ટ પ્લોટ ખાતે રાજકોટ શહેરમાં ધંધા—રોજગાર વ્યવસ્થા અર્થે વસતા વંથલી (સોરઠ)ના પાટીદાર સમાજના યોજાયેલા સ્નેહ મિલન અને રકતદાન કેમ્પમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ પ્રેરક હાજરી આપી હતી. આ તકે તેમણે સૌને શુભેચ્છા પાઠવીને ભાજપની‘સમાજ સેવા અને આરોગ્ય વિષયક પ્રવૃતિને બિરદાવી હતી તેમણે જણાવ્યુ કે ભાજપ વિકાસનો પર્યાય છે. નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની નવી રાજનિતિની કેડી કંડારીને દેશના વિકાસની એક નવી ઓળખ આપી છે. તેમની દ્રષ્ટિવંત આવા વિકાસના નર્ણયિો થી ભારતની વિશ્વમાં એક નવી ઓળખ ઉભી થઈ છે.




રાજકોટ : અત્રે પારિજાત પાર્ટી પ્લોટ ખાતે રાજકોટમાં વસતા સતવારા સમાજનું એક સ્નેહમિલન રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા ની પ્રેરક ઉપસ્થિતિમાં મળ્યુ. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાને જંગી બહુમતિથી જીતાડવા સો ટકા મત ભાજપના તરફેણમાં આપવા નર્ણયિ લેવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રાજયસભાના સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યાક્ષ ડો. ભરતભાઈ બોઘરા, સતવારા સમાજના પ્રમુખ મોહનભાઈ સોનાગરા, ઉપપ્રમુખ શાંતિભાઈ પરમાર, મહામંત્રી માવજીભાઈ મારવીયા, ખજાનચી હિરાભાઈ કાંગલીયા, મંત્રી વિજયભાઈ ખાંદલા, સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ભાઈ—બહેનો ઉપસ્થિત રહયા હતા.

# અગ્રણી પવન સુતરીયા પરિવારની સૌજન્ય મુલાકાત લેતા રૂપાલા



રાજકોટ:

શહેરના મારૂતિનંદન, રામપાર્ક મેઈન રોડ ખાતે અગ્રણી પવનભાઈ સુતરીયાના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ તકે સુતરીયા પરિવારના પવનભાઈ, દિનેશભાઈ, ચાંદનીબેન, સંજયભાઈ ભંડેરીએ રૂપાલાજીનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. રૂપાલાજીએ સુતરીયા પરિવારના સભ્ય સાથે ભોજન લીધું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અગ્રીણીઓ કિશોરભાઈ માવદીયા,મહેશભાઈ ચૌહાણ, મનીષભાઈ ભટ્ટ, મનોજભાઈ રંગાણી, નીરજભાઈ ડોબરીયા, કુશલભાઈ શીંગાળા, રસિકભાઈ કાછડીયા, રોહીતભાઈ કાછડીયા, ભૂપતભાઈ કોરાટ, કમલેશભાઈ વરૂ, ચંદુભાઈ મોલીયા વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને પ્રચંડ સમસ્ત કોળી સમાજનું સમર્થન

**’વિકસિત ભારત’ ના મંત્રને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વ હેઠળ સૌ એક થઈને ગુજરાતમાંથી ૨૬ માંથી ૨૬ કમળ અર્પણ કરવાનો સંકલ્પ લઈએ : પરશોતમભાઈ રૂપાલા**

રાજકોટ:

રાજકોટ તાલુકાના સરધાર પાસે ચિત્રાવાવ ગામે સમસ્ત કોળી સમાજનું સ્નેહમિલન રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના અતિથિવિશેષ પદે અને રાજયના પાણી પુરવઠા વિભાગના મંત્રી અને જસદણના ધારાસભ્ય કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ સ્નેહમિલનના કાર્યક્રમમાં રાજકોટ, જસદણ અને કોટડાસાંગાણી એમ ત્રણ તાલકાના કોળી સમાજના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં ત્રણેય તાલુકાના કોળી સમાજના આગેવાનો ધ્વારા એક સુરે હાથ ઉંચા કરીને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને સમર્થન જાહેર કરેલ હતું.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં ત્રણેય તાલુકાના કોંગ્રેસના આગેવાનોના નેતૃત્વમાં ૯૦૦ જેટલા કોંગ્રેસના કાર્યકર્તાઓ ભાજપમાં જોડાતા ઉપસ્થિત આગેવાનો ધ્વારા ભાજપનો ખેસ પહેરાવીને આવકાર આપવામાં આવ્યો હતો. આ બેઠકમાં ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સ્નેહમિલનના કાર્યક્રમમાં સૌને શુભેચ્છા પાઠવીને પોતાને ઉમેદવાર તરીકે સમર્થન આપવા બદલ આગેવાનોને, કોળી સમાજનો આભાર વ્યકત કરેલ હતો. આ પ્રસંગે રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, રાજયના કેબીનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજયના મહિલા બાળ કલ્યાણ મંત્રી અને વિધાનસભા—૭૧ના ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, કોળી સમાજની વાડી જૂનાગઢ / માંધાતા ગ્રુપના પ્રમુખ ભૂપતભાઈ ડાભી, ઉપપ્રમુખ વાઘજીભાઈ મેવાસીયા, રાજકોટ ,જસદણ, કોટડાસાંગાણી તાલુકાના કોળી સમાજના સરપંચો, તાલુકા પંચાયતો તથા સહકારી ક્ષેત્રના આગેવાનો વિગેરે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા વાઘજીભાઈ મેવાસીયા, ચેતનભાઈ પાણ, પરશોતમભાઈ મેવાસીયા, વલ્લભભાઈ મકવાણા, ભરતભાઈ મકવાણા, ભીખાભાઈ ગોવાણી સહીતના આગેવાનો, કાર્યકર્તાઓ વિગેરેએ જહેમત ઉઠાવી હતી.



# શહેરના મવડી વિસ્તારમાં જન-જન સાથે વ્યાપક લોકસંપર્ક : ’કમળ’ને અભુતપૂર્વ સમર્થન

**પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં શહેર ભાજપ ધ્વારા મવડી વિસ્તારમાં ઘનિષ્ઠ લોકસંપર્ક કરતા મુકેશભાઈ દોશી, મોહનભાઈ કુંડારીયા,ભાનુબેન બાબરીયા, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, ડો.દર્શીતાબેન શાહ સહીતના આગેવાનો**

રાજકોટ:

આગામી લોકસભાની ચૂંટણી અન્વયે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ ધ્વારા વિવિધ વોર્ડમાં ડોર ટૂ ડોર લોકસપંર્ક, જુથબેઠક, બુથ બેઠક, પ્રચાર—પ્રસાર, સાહિત્ય—પત્રિકા વિતરણ સહિતની કામગીરી વેગવંતી કરવામાં આવી છે ત્યારે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીની આગેવાનીમાં અને રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા,પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, પૂર્વ મેયર ડો. પ્રદિપભાઈ ડવ સહીતના અગ્રણીઓ ધ્વારા શહેરના મવડી સહિતના વિસ્તારોમાં રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાના સમર્થનમાં પદયાત્રા — લોકસંપર્ક યોજાયો હતો.



આ તકે મુકેશભાઈ દોશી, ભાનુબેન બાબરીયા, મોહનભાઈ કુંડારીયા, ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, ડો.પ્રદિપ ડવ સહિતનાઓએ રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી લીડથી વિજયી બનાવવા અનુરોધ કરતા જણાવેલ કે કેન્દ્રની ભાજપ સરકાર ધ્વારા છેલ્લા દશ વર્ષમાં ગરીબોનું કલ્યાણ, દેશનું કલ્યાણના સંકલ્પને સાકાર કરતી અનેકવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોકલાડીલા પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મોદી સરકાર—૪૦૦ ને પારના સંકલ્પને પૂર્ણ કરવા કટીબધ્ધ બનીએ. ૧૪૦ કરોડ દેશવાસીઓના સંકલ્પને સિધ્ધિમાં રૂપાંતરિત કરવા નરેન્દ્રભાઈ મોદી કટીબધ્ધ છે. આ તકે લોકસપંર્ક દરમ્યાન ઉપસ્થિત અગ્રણીઓએ રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને ઐતિહાસિક બહુમતીથી વિજયી બનાવી દિલ્હીમાં ’કમળ’ મોકલવા અપિલ કરેલ હતી. આ તકે ઉપસ્થિત અગ્રણીઓ ધ્વારા વિવિધ વિસ્તારમાં વેપારી વર્ગ સાથે લોકસંપર્ક થકી દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની છેલ્લા દશ વર્ષની સિધ્ધીઓ વર્ણવાઈ હતી. તેમજ કેન્દ્ર સરકારના છેલ્લા દશ વર્ષના સીમાચીન્હરૂપ નર્ણયિો—અનેકાનેક સિધ્ધીઓની માહિતીસભર પત્રિકાનું વિતરણ કરાયુ હતું.

# અગ્રણી હસુભાઈ દવેના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ રૂપાલા



રાજકોટ:

અત્રે કાલાવડ રોડ પાસે સત્યસાંઈ હોસ્પિટલ નજીક રહેતા અખિલ ભારતીય મઝદુર સંઘના પુર્વ પ્રમુખ અને જાહેર ક્ષેત્રાના અગ્રણી શ્રી હસુભાઈ દવેના પરિવારની સૌજન્ય મુલાકાત રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ લીધી હતી. આ પ્રસંગે દવે પરિવારના શ્રી હસુભાઈ દવે, નરેન્દ્રભાઈ દવે, મુરલીભાઈ દવે, રાજુભાઈ, વિપુલભાઈ જાની, શીતલબેન, જીગ્નેશભાઈ, અંકિતાબેન દવે વિગેરેએ શ્રી પરશોતમભાઈ રૂપાલાનું સ્વાગત કર્યુ હતુ શ્રી રૂપાલાજીએ દવે પરિવારના સભ્યો સાથે અલ્પાહાર —નાસ્તો કર્યો હતો.શ્રી રૂપાલાજીએ શ્રી હસુભાઈ દવે એ જનસંઘ ભાજપના સમયના તેમના સંગઠનના કાર્યોનું સંસ્મરણ કરીને સંવાદ કર્યો હતો.

# સિક્કા ખાતે જાહેર સભામાં ભાજપના ઉમેદવારને સાંપડયું અભૂતપૂર્વ જનસમર્થન

## આ ચૂંટણીમાં શત પ્રતિશત મતદાન કરી મોદીને ફરી વડાપ્રધાન બનાવવા લોકોને પૂનમબેનનું આહ્વાન : જંગી જાહેરસભામાં ભાજપના આગેવાનો, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકો ઉમટી પડતાં "અબ કી બાર ૪૦૦ કે પાર" સાર્થક થવા જઈ રહયાની પ્રતીતિ થઈ

જામનગર : જામનગર લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પૂનમબેન માડમ દ્વારા જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિદ્યુત વેગે પ્રચાર ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે અને દરેક જગ્યાએથી તેઓને જબરૂં લોકસમર્થન સાંપડી રહયું છે. ત્યારે એક જંગી જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, કાર્યકરો તેમજ સિક્કાના નગરજનો ઉપસ્થિત રહયા હતા.





તસવીરઃ સુનિલ ચુડાસમા

સિક્કામાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમ એક જંગી સભાને સંબોધન કર્યું હતું. આ સભામાં પૂનમબેન માડમે નાગરિકો સાથે વિકાસલક્ષી મુદ્દાઓ અંગે સંવાદ કરેલ. આગામી લોકસભા ચૂંટણીમાં શત પ્રતિશત મતદાન કરી મોદી સાહેબને ફરી એકવાર વડાપ્રધાન બનાવવા માટે અપીલ કરી. જનસભામાં સ્થાનિકો દ્વારા પૂનમબેન માડમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

આ જનસભામાં જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ મૂંગરા, ૧૨ લોકસભા (જામનગર - દ્વારકા) સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ, લોકસભા ઈન્ચાર્જ ડો. વિનોદભાઈ ભંડેરી, નિલેશભાઈ ઉદાણી, જિલ્લા મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, અભિષેકઃ પટવા, પ્રવિણસિંહ જાડેજા, દિલીપસિંહ ચુડાસમા, રણમલભાઈ કાંબલીયા (સિક્કા પ્રભારી), કુમારપલસિંહ રાણા, દેવુભાઈ ગઢવી (પ્રમુખ સિક્કા શહેર ભાજપ), પ્રકાશ વ્યાસ (મહામંત્રી સિક્કા શહેર ભાજપ), પ્રદીપસિંહ જાડેજા (મહામંત્રી સિક્કા શહેર ભાજપ), રાજીબેન બચુભાઈ પરમાર (પ્રમુખ, સિક્કા નગરપાલિકા), શિવપુરી ગોસ્વામી (ઉપપ્રમુખ, સિક્કા નગરપાલિકા), જુસબભાઈ બરોયા (ચેરમેન, સિક્કા નગરપાલિકા), ડાડાભાઈ અલવાણી (પૂર્વ પ્રમુખ, સિક્કા નગરપાલિકા), જુમાભાઈ હુંદડા (પૂર્વ પ્રમુખ, સિક્કા નગરપાલિકા), હવાબેન ચમડિયા (પૂર્વ પ્રમુખ, સિક્કા નગરપાલિકા), લાલજીભાઈ વ્યાસ (પૂર્વ પ્રમુખ, સિક્કા શહેર ભાજપ) સહીત કાર્યકર્તાઓ, પદાધિકારીઓ, સામાજિક અગ્રણીઓ, સમર્થકો, સ્થાનિક નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ નરેન્દ્રસિંહ પરમારની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

## જામનગરમાં એક્ટિવા અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા યુવાનનું કરૂણ મોત

જામનગર : જામનગરમાં શરૂ સેક્શન રોડ પર એકટીવા સ્કૂટર અને મોટરસાયકલ અથડાઈ પડતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માત સર્જનાર બાઈક ચાલકને ગંભીર ઈજા થઈ હતી અને તેનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું છે. સમગ્ર મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે, જામનગરમાં વામ્બે આવાસ વિસ્તારમાં મયુરનગર શેરી નંબર બેમાં રહેતો અને ફર્નિચરનું કામ કરતો ચિરાગ મનસુખભાઈ વાડોદરિયા નામનો ૩૦ વર્ષનો યુવાન કે જે ગત ૧૨મી તારીખે રાત્રિના પોણા દસ વાગ્યાના અરસામાં શરૂ સેક્શન રોડ પરથી પસાર થઈ રહ્યો હતો.

જે દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલા જી.જે. સી.કે ૯૫૪૭ નંબરના બાઈક ના ચાલક નિલેશ પોપટભાઈ પિત્રોડાએ એકટીવા ને ટક્કર મારી દેતાં ગોજારો અકસ્માત સર્જાયો હતો.જે અકસ્માતમાં બાઈક ચાલક નિલેશ ભુપતભાઈ પિત્રોડાને હેમરેજ સહિતની ગંભીર ઈજા થઈ હતી અને ૧૦૮ની ટુકડી ઘટના સ્થળે દોડી આવી હતી. જેને સારવાર અપાઇ હતી. દરમિયાન તેણે દમ તોડી દીધો હતો.

આ અકસ્માતમાં એકટીવા ચાલક ચિરાગ વાડોદરિયાને નાની મોટી ઈજા થઈ હોવાથી જામનગરની સરકારી જી. જી. હોસ્પિટલમાં સારવાર અપાઇ છે, જયારે ચિરાગ વાડોદરિયાની ફરિયાદના આધારે સીટી બી ડિવિઝન પોલીસે જી.જે.૯૫૪૭ નંબરની બાઈકના ચાલક નિલેશ ભુપતભાઈ પિત્રોડા સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં 'તું અમારા દુશ્મનનો માણસ છે' તેમ કહી યુવાન પર ત્રણ શખ્સોનો હુમલો

જામનગર : જામનગરમાં વૈશાલી નગર વિસ્તારમાં રહેતા એક યુવાન પર ત્રણ શખ્સોએ પટ્ટા વડે હુમલો કરી કાન તોડી નાખ્યો હતો, અને ટાંકા લેવા પડ્યા છે. તું અમારા દુશ્મનનો માણસ છે, તેમ કહી હુમલો કરાયા નું પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં વૈશાલીનગર શેરી નંબર ૬માં રહેતો જયદીપ મનજીભાઈ રાઠોડ નામનો ૨૬ વર્ષનો યુવાન ગઈકાલે પોતાની બહેનને તેડવા માટે એકટીવા લઈને મામાને ઘેર જઈ રહ્યો હતો. જે દરમિયાન રસ્તામાં મુન્નો વાઘેલા અને તેના બે સાગરીતોએ અટકાવ્યો હતો, અને તું અમારા દુશ્મનો માણસ છો, તેમ કહી ખાર રાખી પટ્ટા વડે તેમજ ઢીકાપાટુથી માર માર્યો હતો. જેથી તેનો કાન તૂટી જતાં જી. હોસ્પિટલમાં ખસેડાયો હતો, અને ટાંકા લેવા પડ્યા છે.

આ બનાવ અંગે જયદીપ રાઠોડએ સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં મુન્નો વાઘેલા અને તેના બે સાગરીતો સામે હુમલા અંગેની ફરિયાદ નોંધાવી છે.

## જામનગરમાં ક્રેડિટ બૂલ્સ કંપનીના રિજિયોનલ હેડની છેતરપિંડી કેસમાં જામીન અરજી રદ્દ

જામનગર : જામનગરમાં શેરબજારમાં કામ કરતી પેઢી ક્રેડિટ બૂલ્સના જવાબદારો સામે તા. ૨૯ માર્ચના રોજ ફરિયાદ નોંધાયા બાદ કરોડોના ગણાતા આ પ્રકરણમાં કંપનીના રિજિયોનલ હેડ પંકજ પ્રવીણભાઈ વડગામાની ધરપકડ બાદ રિમાન્ડ પૂરા થતા તેને જેલહવાલે કરાયો હતો. જ્યાંથી તેણે રેગ્યુલર જામીન માટે મૂકેલી જામીન અરજી સેશન્સ અદાલતે નકારી કાઢતો હુકમ કર્યો છે.

પીએન માર્ગ પર અંબર સિનેમા સામે આવેલી બિલ્ડીંગમાં ક્રેડિટ બૂલ્સ કંપની દ્વારા શેર માર્કેટમાં નાણાં રોકવા માટે આપેલી સ્કીમમાં નાણાં રોકનાર ફરિયાદી કેયુરભાઈ સુરેલિયાએ પોતાની સાથે રૂપિયા પાંચ લાખની છેતરપિંડી થયાની ફરિયાદ ક્રેડિટ બૂલ્સ કંપનીના સીઈઓ ધવલ સોલાણી, ભાગીદાર ફરઝાના ઈમરાન અહેમદ શેખ (રે. મુંબઈ) તેમજ કંપનીના એચ. આર. રિજિયોનલ યશ દિનેશભાઈ સોલાણી અને રિજિયોનલ હેડ પંકજભાઈ પ્રવીણભાઈ વડગામા સામે નોંધાવી હતી.આ ફરિયાદના આધારે પોલીસે આરોપીઓમાંથી પંકજ વડગામાની ધરપકડ કરીને ચાર દિવસના રિમાન્ડ પર લીધો હતો. જે બાદ અહીંની સેશન્સ અદાલતમાં જામીન અરજી મૂકી હતી. જેમાં તપાસનીસ પોલીસ અધિકારી દ્વારા અદાલતમાં વિસ્તૃત સોગંદનામું કરવામાં આવ્યું હતું. જે મુજબ જિલ્લા સરકારી વકીલ ચમનભાઈ ભંડેરીએ અદાલતમાં સંખ્યાબંધ મુદ્દે રજૂઆત કરી આ મામલો બહોળા પ્રમાણમાં નાગરિકોને અસર કરતો ગંભીર આર્થિક બાબત અને ભોગ બનનારાઓની જીવનશૈલિને અસર કરતી હોય તથા તપાસ દરમ્યાન રાજકોટ, મુંબઈ ખાતે પેઢીની શાખા હોવાનું સામે આવતા આ પ્રકરણ મોટું હોવાની શક્યતા દેખાઈ રહી હોવાનું વ્યક્ત કરાઈ હતી. આ કેસમાં બન્ને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ અદાલતે આરોપીને જામીન મુકત ન કરવા આદેશ કર્યો હતો.

## જામનગરમાં તારીખ ૨ મેના વડાપ્રધાનમોદીની જાહેર સભા

જામનગર : લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે. રાજકીય પક્ષો પ્રચાર કાર્યમા પુરજોશમાં લાગી ગયા છે. ત્યારે આગામી તારીખ ૨ મેના રોજ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભાનું આયોજન જામનગરમા આવ્યું છે.

ગુજરાતમાં ભાજપના ઉમેદવારોના પ્રચાર માટે આગામી તારીખ ૧ અને ૨ મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની ગુજરાતની મુલાકાતે આવી રહયા છે. ત્યારે તેઓ તા. ૨ મેના રોજ જામનગર લોકસભાના ઉમેદવાર પુનમબેન માડમના પ્રચાર અર્થે વડાપ્રધાનની સભાનું આયોજન કરવામાં



આવ્યું છે. તેઓ શહેરના પ્રદર્શન મેદાન ખાતે સાંજે પાંચ વાગ્યે જામનગર અને દેવભૂમિ દ્વારકાના બંને જિલ્લાના લોકોને સંબોધિત કરશે. આ માટે સરકારી તંત્ર અને ભાજપ દ્વારા પુરજોશમાં તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી રહી છે.

## જામનગરમાં ઉશ્કેરાયેલા બનેવીએ સાળીની આંખમાં મરચાની ભૂકી છાટી ધમકી આપી

જામનગર : જામનગરમાં કૈલાશ નગર શેરી નંબર ૫માં રહેતી અંજુબેન અનવરભાઈ ઉર્ફે અન્નાભાઈ ખફી નામની ૨૮ વર્ષની સુમરા જ્ઞાતિની મહિલાએ પોતાની આંખમાં મરચાની ભૂકી છાંટી ગાળો કાઢી અને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે પોતાના બનેવી શંકર ટેકરી વિસ્તારમાં રહેતા વસીમ ખફી સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અંજુમબેનની નાની બહેન શહેનાઝ કે જેના નીકાહ આરોપી વસીમ ખફી સાથે થયા હતા, પરંતુ તાજેતરમાં વાંધો પડ્યો હોવાથી શહેનાઝ પોતાના ઘેર રહેવા માટે આવી ગઈ હતી, દરમિયાન ઉસકેરાયેલા બનેવી વસીમે મોટી બહેન અંજુબેનના આંખમાં મરચાની ભૂકી છાંટી દીધી હોવાનું પોલીસમાં જાહેર કરાયું છે.

બે દિવસ પહેલાં આરોપી વસિમ કે જેણે પોતાની પત્ની અને તેના પરિવારના અન્ય ત્રણ મહિલા સભ્યો સામે ધાક ધમકી અને મારકુટ અંગેની ફરિયાદ નોંધાવી હતી, જેના જવાબમાં આ ફરિયાદ નોંધાવાઈ છે.

## ધ્રોલ તાલુકાના જાયવા ગામે હદયરોગના હુમલાએ વધુ એક યુવાનનો ભોગ લીધો

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના જાયવા ગામમાં રહેતા ૩૦ વર્ષીય યુવાનનું હૃદય બંધ પડી જવાના કારણે અપમૃત્યુ થયું છે. આ બનાવની વિગત એવી છે કે, ધ્રોલ તાલુકાના જાયવા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા વિનોદભાઈ દામજીભાઈ કાશીયાણી નામના ત્રીસ વર્ષના યુવાનને ગઈકાલે પોતાના ઘેર નાહવા માટે જતાં



એકાએક ચક્કર આવ્યા હતા અને બેશુદ્ધ થઈને ઢળી પડ્યો હતો. જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતાં તેનું હૃદય બંધ પડી ગયું હોવાથી મૃત્યુ નીપજ્યું હોવાનું તબીબો દ્વારા જાહેર કરાયું હતું. આ બનાવ અંગે મૃતકના કુટુંબી કલ્યાણજીભાઈ દામજીભાઈએ પોલીસને જાણ કરતાં ધ્રોલ પોલીસે મૃતદેહનો કબજો સંભાળ્યો છે, અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

## દ્વારકામાં ગુગ્ગળી બ્રાહ્મણ જ્ઞાતિ ૫૦૫ દ્વારા યોજાયેલ કોટી ગાયત્રી યજ્ઞ સફળતાપૂર્વક સંપન્ન







તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકામાં દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા તેમજ યજમાન વૃત્તિ કરનાર શ્રી ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારકા દ્વારા ૧૯ એપ્રિલ થી ૨૩ એપ્રિલ સુધી આયોજિત શ્રી કોટી ગાયત્રી યજ્ઞની સફળતાપૂર્વક પુર્ણાહુતિ થયેલી છે.પાંચ દિવસ ના આ યજ્ઞ કાર્યમાં ભૂદેવો દ્વારા લગભગ ૧ કરોડ ૩૦ લાખ ગાયત્રી મંત્રોનું જપ અનુષ્ઠાન કરવામાં આવ્યું તેમજ ૧૩ લાખ જેટલા ગાયત્રી મંત્રો દ્વારા અગ્નિ નારાયણને આહુતિ આપવામાં આવી. ૨૧ યજમાનો તેમજ જ્ઞાતિ પ્રતિનિધિ સહિત કુલ ૨૨ યજ્ઞ કુંડોમાં આ કર્મ સંપન્ન થયું.જ્ઞાતિના પૂર્વ પ્રમુખ સ્વ. વિનુભાઈ ઉપાધ્યાય દ્વારા આપવામાં આવેલ એકતા અને સધ્ધરતાનું સૂત્ર દ્વારકા ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિજનોએ સંપૂર્ણ સાર્થક કર્યું છે.દ્વારકેશ ૫૦૫ સ્કૂલ મેદાન સુધી પહોંચવા વાહનોની વ્યવસ્થા,યજ્ઞશાળાની વ્યવસ્થા, ભોજન પ્રસાદની વ્યવસ્થા,હોમાત્મક કર્મ કરવા હુતદ્રવ્યની વ્યવસ્થા, ચા પાણી ઠંડા પીણાની વ્યવસ્થા,ભારત સહિત દેશ વિદેશમાં લાઈવ ટેલીકાસ્ટ જોઈ શકાય તે માટે મીડિયાની વ્યવસ્થા તેમજ અન્ય અગત્યની વ્યવસ્થાઓ જ્ઞાતિ વ્યવસ્થાપક સમિતિ સદસ્યો, કારોબારી સદસ્યો,મધ્યસ્થ સભા સદસ્યો,સલાહકાર સમિતિ સદસ્યો, મહિલા મંડળ સહિત જ્ઞાતિની નારી શક્તિ સંગઠન સદસ્યો દ્વારા ખૂબ જ સુંદર અને સુચારુ વ્યવસ્થા આપવામાં આવી.યજ્ઞ દરમિયાન દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદજી સરસ્વતીજી મહારાજના આશીર્વાદ વચનો પ્રાપ્ત થયા.દયારામ બાપુ આશ્રમના મહંત બાપુ, સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી ગોવિંદ પ્રસાદજી,અનેક સંતો અને મહંતો, સોમનાથ તીર્થ ભૂદેવો,અખિલ ભારતીય પંડાસભા પ્રમુખ તેમજ મહામંત્રી,ધારાસભ્ય શ્રી પબુભા માણેક,જિલ્લા એસ.પી નિતેશ પાંડે પરિવાર, ડી.વાય.એસ.પી પરિવાર,લોક સાહિત્ય કલાકાર માયાભાઈ આહીર,સૌરાષ્ટ્ર ઝોન યોગ કોર્ડીનેટર પ્રીતિબેન શુકલ,જીલ્લા યોગ કોર્ડીનેટર ધનાભા જડિયા સહિત અનેક મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા. ગઈકાલે યજ્ઞ પૂર્ણાહુતિ બાદ સાંજના સમયે મહારાસ આયોજન દરમિયાન યજ્ઞ સમિતિ કન્વીનર તેમજ જ્ઞાતિના વર્તમાન સલાહકાર સમિતિ પ્રમુખ શ્રી પ્રદીપભાઈ ઉપાધ્યાયનું વિશેષ સન્માન કરવામાં આવ્યું.જ્ઞાતિ વર્તમાન પ્રમુખ શ્રી યજ્ઞેશભાઈ ઉપાધ્યાય,મંત્રી શ્રી કપિલભાઈ વાયડા,સહમંત્રી શ્રી ચેતનભાઈ પુજારી દ્વારા જ્ઞાતિ આચાર્ય શ્રી અશ્વિનભાઈ પુરોહિત,શ્રી ઘનશ્યામભાઈ પુરોહિત,શ્રી વત્સલભાઈ પુરોહિત,શ્રી દિનેશભાઈ ત્રિવેદી,આચાર્યગણ સહિત જ્ઞાતિ યજમાનો તેમજ સમગ્ર જ્ઞાતિજનોનો આભાર માન્યો. અત્રે ઉલ્લેખનીય છે કે કોટી ગાયત્રી યજ્ઞ દરમિયાન જ્ઞાતિના અબાલ વૃદ્ધો સહિત અનેક નામી અનામી વ્યક્તિઓનો વિશેષ યોગદાન રહ્યું છે જેથી આ યજ્ઞ કાર્ય સંપૂર્ણ સફળ થયું.

## બેટ દ્વારકા નજીકના દરિયામાં અન્ય બોટનું રજીસ્ટ્રેશન કરીને ફિશિંગ કરતા માછીમારો સામે નોંધાયો ગુનો

ખંભાળિયા : ઓખા મંડળના બેટ દ્વારકા ખાતેના દરિયામાં અન્ય ફિશિંગ બોટના રજીસ્ટ્રેશન નંબર લગાવીને ફિશરીઝ વિભાગને ખોટી માહિતી આપીને અનઅધિકૃત રીતે ટોકન મેળવી માછીમારી કરતા જુદા જુદા બે આસામીઓ સામે ગુનો નોંધાયો છે.

આ સમગ્ર પ્રકરણ અંગે પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ઓખા મંડળના બેટ દ્વારકા વિસ્તારમાં રહેતા મંજૂરભાઈ ઓસમાણભાઈ જીકર નારીયા નામના ૪૪ વર્ષના માછીમાર શખ્સએ સુનિયોજિત રીતે કાવતરું રચીને અલ હયાતુલનબી નામની આઈ.એન.ડી. જી.જે. ૩૭ એમ.એમ. ૪૯૦ નંબરની તેની માછીમારી બોટ તૂટી ગઈ હોવા છતાં તેણે માંગરોળ ખાતેથી એક નવી બોટ બનાવી અને તે બોટના આઈ.એન.ડી. જી.જે. ૧૧ એમ.એમ. ૨૧૦૪ નામનું નંબર લખી અને આ પાટિયું લગાવીને ફિશરીઝ વિભાગ સાથે ઠગાઈ કરવાના ઈરાદાથી બોટની ખોટી માહિતી આપવામાં આવી હતી આમ, જી.જે. ૧૧ એમ.એમ. ૨૧૦૪ રજીસ્ટ્રેશનની બોટ ન હોવા છતાં પણ ખોટા નામની બોટનો ઉપયોગ કરી અને સરકારના દરિયામાં માછીમારી કરવા અંગેની મંજૂરી માટે અપાતા ઓનલાઈન ટોકનમાં ખોટી માહિતી ભરીને તે ટોકનનો ખરા તરીકે ઉપયોગ કરીને ઉપરોક્ત શખ્સ દ્વારા કૌભાંડ આચરવામાં આવ્યું હતું. જે અંગે ગુનો નોંધી, આરોપીની અટકાયત કરી લેવામાં આવી છે.

આ જ રીતે અન્ય એક પ્રકરણમાં બેટ દ્વારકા વિસ્તારમાં રહેતા હમીદ અદ્રેમાન મુસાભાઈ પાંજરી નામના ૩૮ વર્ષના મુસ્લિમ ભડેલા માછીમાર શખ્સ દ્વારા પણ તેની "ખ્વાજા કા કરમ" માછીમારી બોટ ઉપરથી "સ્વીટ મદીના" રજીસ્ટ્રેશન નંબર આઈ.એન.ડી. જી.જે. ૩૭ એમ.એમ. ૧૫૫૫ ની ન હોવા છતાં પણ ઉપરોક્ત શખ્સએ માછીમારી બોટલ પર રજીસ્ટ્રેશન નંબર આઈ.એન.ડી. જી.જે. ૩૭ એમ.એમ. ૧૫૫૫ નંબર લખી અને આ પાટિયું લગાવીને ફિશરીઝ વિભાગ સાથે ઠગાઈ કરવાના ઈરાદાથી ખોટી માહિતી આપીને ઉપરોક્ત નંબરની બોટ ન હોવા છતાં પણ ખોટા નામની બોટનો ઉપયોગ કરીને સરકારના દરિયામાં માછીમારી કરવા જવા અંગેની મંજૂરી આપતા ઓનલાઈન ટોકનમાં ખોટી માહિતી ભરીને આ ટોકનનો ખરા તરીકે ઉપયોગ કરી અને સતત આઠેક વર્ષ સુધી માછીમારી કરવામાં આવી હોવાનું જાહેર થયું છે.

## જામનગરમાં ક્રિકેટનો સટો રમતો વેપારી ઝડપાયો : બૂકીનું નામ ખુલ્યું

જામનગર : જામનગરમાં ક્રિકેટ બંગલા શેરી વિસ્તારમાંથી જાહેરમાં મોબાઈલ ફોનની આઇ. ડી. મારફતે આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહેલા એક વેપારીને પોલીસે પકડી પાડ્યો છે, અને તેની પાસેથી મોબાઈલ ફોન, રોકડ રકમ વગેરે કબજે કર્યા છે. ઉપરાંત પોતે રાજકોટના એક બુકી સાથે ક્રિકેટના સોદાની કપાત કરતો હોવાનું કબુલતાં તેને ફરારી જાહેર કરાયો છે.

આ દરોડાની વિગત એવી છે કે, જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૧૫માં રહેતો આશિષ ઉર્ફે લાલો વિનોદરાય નથવાણી નામનો વેપારી ક્રિકેટ બંગલા શેરી વિસ્તારમાં પોતાના મોબાઈલ ફોનની આઇડી મારફતે આઈપીએલની ક્રિકેટ મેચ પર રનફેરનો હારજીતનો સટ્ટો રમતાં સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફના હાથે ઝડપાઈ ગયો હતો.

પોલીસે તેની પાસેથી રૂપિયા ૭૦૦ની રોકડ રકમ અને મોબાઈલ ફોન વગેરે કબજે કરી લીધા હતા, ઉપરાંત પોતે રાજકોટના પિયુષભાઈ પટેલ નામના બુકી સાથે ક્રિકેટના સોદાની કપાત કરતો હોવાની કબુલાત આપતાં રાજકોટના પિયુષ પટેલને ફરારી જાહેર કરાયો છે.

# રાજકોટમાં પોલીસ મારનો ભોગ બનેલા બીજા યુવાનનું પણ મોત : હોસ્પીટલમાં ટોળાં ઉમટ્યા

## યુવાનને મોતને ઘાટ ઉતારનાર પોલીસ કર્મીની રિમાન્ડ બાદ ઘટનાઃ બંને મૃતક યુવકના પરિવારને સહાય આપવાની માંગ



રાજકોટ,

ગોંડલ રોડ પર આંબેડકરનગરમાં ગત ૧૪ તારીખે રાત્રે પાડોશીના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાનનું પોલીસે ઢોર માર મારતા મોત નીપજ્યું હતું. જે પ્રણકરણમાં એએસઆઈ અશ્વિન કાનગડ સામે એટ્રોસિટી અને હત્યાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જે ગુનામાં બે દિવસ પૂર્વે એએસઆઈ ક્રાઈમ બ્રાન્યમાં હાજર થયાના બીજા જ દિવસે પોલીસે માર માર્યાના ૧૦માં દિવસે વધુ એક યુવાનનું મોત નિપજતા ચકચાર મચી જવા પામી છે. ફોરેન્સિક પીએમ રિપોર્ટના આધારે તપાસ હાથ ધરવામાં આવશે તેવું પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટ શહેરના આંબેડકરનગરમાં રહેતા રાજુભાઈ ભગાભાઈ સોલંકી અને તેનો પૂત્ર જયેશ ગત ૧૪ તારીખે રાત્રે ઝઘડો કરતા હતા. અને પોલીસ બોલાવવામાં આવતા જયેશ મદદ માંગવા જતા હમીરભાઈ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ (ઉ.વ.૩૪) સમાધાન માટે ત્યાં ગયા હતા ત્યારે ફરજ પરના પોલીસમેને મારકૂટ કરી પોલીસ વેનમાં બેસાડી પોલીસ સ્ટેશને લઈ જઈ પાઈપથી ઢોર માર માર્યો હતો મોડી રાત્રે ઘરે લઈ ગયા બાદ બેભાન થઈ જતા સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડતા માલવિયાનગર પોલીસે અજાણ્યા સામે પત્નીની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન ૧૬ તારીખે સારવારમાં મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. અને કડક કાર્યવાહીની માંગ સાથે મૃતદેહ સાથે પરિવારે હોસ્પિટલ ચોકમાં વિરોધ નોંધાવ્યો હતો. પોલીસે હત્યા અને એટ્રોસિટીની કલમનો ઉમેરો કરી માર મારી હત્યા કરનાર એએસઆઈ અશ્વિનભાઈ જેઠાભાઈ કાનગડને પકડવા ત્રણ ટીમો દોડાવી હતી. જે ગુનામાં એએસઆઇ અશ્વિન કાનગડ બે દિવસ પૂર્વે ડીસીબી પોલીસ સમક્ષ રજૂ થતા પીઆઈ ગોંડલીયા સહિત અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજો સોપ્યો હતો.

રાજકોટના માલવીયાનગર પોલીસ મથકના કસ્ટડીયલ ડેથ પ્રકરણમાં પોલીસના મારથી વધુ એક યુવકનું મોત નીપજતા રોષ ભભૂકયો છે અને સિવિલ હોસ્પિટલ ખાતે ખાંટ રજપૂત અને દલિત સમાજના ટોળા ઉમટી પડ્યા છે અને ખાંટ રજપૂત સમાજ દ્વારા ઉચ્ચ અધિકારીને તપાસ સોંપવામાં આવે સાથે સરકાર મૃતક બંને યુવકના પરિવારને રૂ..૨૫-૨૫ લાખની સહાય ચૂકવે તેવી માંગ કરવામાં આવી છે.

# રાજકોટના પારડી ગામે ખોખડદળ નદીમાં ડૂબી જતાં બે મિત્રોના મોત : ગામમાં ગમગીની

## વાળ કપાવવા જવાનું કહીને નદીમાં બને સગીર વના મિત્રો ન્હાકવા પડતાં મોતને ભેંટયા



રાજકોટ,

રાજકોટ તાલિકાના શાપરના પારડી ગામે રહેતાં બે મિત્રો સાથે આવુ જ કંઇક બની ગયુ હતું. પારડી રહેતાં આર્યન ભરતભાઇ રાઠોડ (ઉ.વ.૧૭) અને નયન અજયભાઇ વેગડા (ઉ.વ.૧૫) ગઇકાલે સાંજે ઘરેથી વાળંદની દુકાને વાળ કપાવવા જવાનું કહીને નીકળ્યા બાદ કાળ જાણે બોલાવતો હોય તેમ ખોખડદળની નદીએ ન્હાવવા માટે પહોંચી ગયા હતાં.

અહિ બંને ન્હાોતી વખતે પાણીમાં ગરક થઇ જતાં ફાયર બ્રિગેડને જાણ થતાં તરવૈયાઓએ પહોંચી અડધો કલાકની જહેમત બાદ બંને મિત્રોને બેભાન હાલતમાં બહાર કાઢતાં સારવાર માટે સિવિલ હોસ્પિકટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ વારાફરતી બંનેએ દમ તોડી દેતાં પરિવારજનોમાં કલ્પોંત સર્જાયો હતો.

હોસ્પિનટલ ચોકીના રામશીભાઇ વરૂ, કેતનભાઇ નિકોલા અને ભાવેશભાઇ મકવાણાએ આજીડેમ પોલીસને જાણ કરતાં હેડકોન્સઇ. જે. એમ. બોસીયાએ કાર્યવાહી કરી હતી. આર્યન બે ભાઇ અને એક બહેનમાં મોટો હતો. જ્યારે નયન એક બહેનથી નાનો હતો. બંને મિત્રો દસ નાપાસ હતાં. સાંજે વાળ કપાવવા જવાનું કહીને નીકળ્યાન બાદ નદીમાં ન્હા વા ગયા હતાં અને બંનેના મૃત્યુન થતાં પરિવારો સાથે ગામમાં ગમગીની ફેલાઈ જવા પામી હતી.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં મહતમ તાપમાનનો પારો સતત ઉંચકાતા ગરમી વધી

## બપોરના સમયે તાપમાન ૪૦ ડીગ્રી આસપાસ પહોંચી જતા અસહય ઉકળાટ



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છંમાં સર્વત્ર ગરમીનો માહોલ બરાબરનો જામ્યોી છે. લોકો આકરા તાપથી પરસેવે રેબઝેબ થઇ રહયા છે. મહતમ તાપમાનમાં સતત વધારો થઇ રહયો છે.બપોરના સમયે તાપમાન ૪૦ ડીગ્રી આસપાસ પહોંચી જતા અસહય ઉકળાટનો લોકો સામનો કરી રહયા છે. બપોરના સમયે રસ્તાયઓ સુમસામ બની જાય છે. અને લોકો એસી. પંખાના સહારે ઘરની અંદર જ રહે છે.

જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં મહતમ તાપમાનમાં એક ડીગ્રીનો વધારો નોંધાતા તાપમાનનો પારો ૩૫ ડીગ્રીએ સ્થિર થયો હતો જો કે બપોર બાદ તેજીલા વાયરાનો દોર શરૂ થતા શહેરીજનોએ ગરમીમાંથી આંશિક રાહત મેળવી હતી. જામનગરમાં મહતમ તાપમાનમાં સતત ઘટાડો નોંધાયો છે જયારે બીજી તરફ લઘુતમ તાપમાનનો પારો ૨૩થી ૨૫ ડીગ્રીની વચ્ચે રહ્યો છે. શહેરનું મહતમ તાપમાન ૩૫ ડીગ્રી નોંધાયું હતું.જયારે લઘુતમ તાપમાનનો પારો ૨૪.૫ ડીગ્રીએ સ્થિર થયો હતો. જયારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા નોંધાયું છે. તો પવનની ગતિ પ્રતિકલાકની સરેરાશ ૯.૮ કી.મી.ની રહી હતી.

સૌરાષ્ટ્રમાં રાજકોટ-અમરેલી જિલ્લામાં ૪૦.૫ ડીગ્રી ગરમીનું પ્રમાણ નોંધાયું છે. જયારે સુરેન્દ્રનગર ૪૦.૭, જામનગર ૩૪.૩, ઓખા ૩૩.૩, વેરાવળ ૩૧.૨, દ્વારકા ૩૦.૪, પોરબંદર ૩૪.૨, ભાવનગર ૩૮.૨ ડીગ્રી અને કચ્છના ભુજમાં ૩૯.૦ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે. જયારે ગુજરાત અમદાવાદ ૪૦.૮, બરોડા ૪૦.૬, છોટાઉદેપુર ૪૦.૨, દાહોદ ૩૯.૧, ડાંગ ૪૦.૯, ડીસા-૩૯.૪, નર્મદા ૪૧.૦, વલસાડ ૩૬.૪ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. ઉનાળાની ઋતુમાં દિવસભર આકરા તાપથી જનજીવન પર અસર જોવા મળી રહી છે. બપોરે લોકો કામ સિવાય બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

# રાજકોટના રૈયાધાર પાસે મનપાની પાણીની લાઈન નાખતી વેળાએ દુર્ઘટનાઃ ગેસની લાઈન તૂટી

## જીએસપીસી દ્વારા રિપેરિંગ કામ ચાલુ, બપોરે પુરવઠો ચાલુ થતા ગૃહિણીઓને હાશકારો



રાજકોટ,

રાજકોટ શહેરમાં મનપાના વોટરવકર્સ વિભાગ દ્વારા શિતલ પાર્ક રોડ ઉપર ડબલ્યુટીપીની પાણીની લાઈન નાખતી વેળાએ ગેસની લાઈનમાં લીકેજ થતાં જીએસપીસીના સ્ટાફ દ્વારા પૂરવઠો બંધ કરી રીપેરીંગ કામ શરૂ કરવામાં આવ્યું હતું. સવારે ઘરોમાં ચૂલા ન સળગતા ગૃહિણીઓમાં દેકારો બોલી ગયો હતો.શહેરના શિતલ પાર્ક રોડ ઉપર મહાનગરપાલિકા દ્વારા ડબલ્યુટીપીની મુખ્યપાણીની પાઈપલાઈન નાખવાનું કામ પુરઝોશમાં ચાલુ છે. આજે સવારે જેસીબી દ્વારા ખાડો ખોદતી વેળાએ નીચેથી પસાર થતી જીએસપીસીની ગેસલાઈનને ડેમેજ કરી નાખતા તુરંત આ બાબતની જાણ જીએસપીસીની હેડ ઓફિસે કરવામાં આવી હતી. આથી કંપની દ્વારા આ લાઈનમાંથી જે વિસ્તારોમાં પુરવઠો વિતરણ કરવામાં આવી રહ્યો હતો તે તુરંત બંધ કરી મેન્ટેનન્સ વિભાગના સ્ટાફ દ્વારા રિપેરીગની કામગીરી યુધ્ધના ધોરણે ચાલુ કરવામાં આવી હતી. બનાવ વખતે વહેલી સવાર હોવાથી લોકોની આવન-જાવન ન હોવાના કારણે કોઈ જાતની મુશ્કેલી સર્જાઈ ન હતી તેમજ જીએસપીસીના મેન્ટેનન્સ સ્ટાફે પણ તુરંત રિપેરીગ કામ શરૂ કરતા અંદાજે પાંચ કલાક સુધી પૂર્વઠો બંધ રહ્યા બાદ શરૂ થઈ ગયો હતો. આ મુદ્દે મનપાના વોટરવર્કસ વિભાગે જણાવેલ કે, હાલ શહેરભરમાં ડીઆઈપાઈપલાઈન નાખવાની કામગીરી ચાલુ છે તેવી જ રીતે ડબલ્યુ ટીપીની લાઈનોના જોડાણ કરવામાં આવી રહ્યા છે. શિતલ પાર્ક મેઈન રોડ ઉપર આજે સવારે ગેસની લાઈનમાં લીકેજ થતાં જીએસપીસી કંપનીએ આ વિસ્તારમાં પુરવઠો બંધ કરી દીધો હતો પરિણામે હજારો ઘરોમાં બપોરના બોજન માટે મહિલાઓએ ગેસનું બટન ચાલુ કરતા ગેસ ન મળવાની ફરિયાદોનો ઈમરજન્સીમાં ધોધ વહ્યો હતો. અને ક્યારે પુરવઠો ચાલુ થશે તે બાબતની પૂછપરછો શરૂ થઈ હતી. આખરે બપોરે ૧૨ વાગ્યા બાદ પુરવઠો યથાવત થયો હતો.

# રાજકોટમાં દારૂ - જુગારના ગુનામાં સંડોવાયેલ શખ્સ દેશી તમંચા સાથે ઝડપાયો



રાજકોટ,

રાજકોટ રૂરલ એસઓજીની ટીમે અગાઉ દારૂ - જુગારના ગુનામાં પકડાયેલ સમીર ઉર્ફે સમલો અકબર સુમરા (ઉ.વ.૨૪, રહે. વોરા કોટડા રોડ, ચિસ્તીયા મસ્જિદ પાસે, ગોંડલ) દેશી તમંચા સાથે ઝડપાયો હતો.

રાજકોટ રેન્જના આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા ગેર કાયેદસર હથિયારો રાખતા શખ્સો ઉપર કડક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અન્વયે રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.શાખાનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. દરમિયાન બાતમી મળતા ગોંડલ મોવિયા રોડ ઉપર આવેલ રૂપાવટી ગામ તરફ જવાના રસ્તાના નાકા ઉપર વોચ ગોઠવી સમીરને પકડી પાડી રૂ.૫૦૦૦ની કિંમતની દેશી રિવોલ્વર કબ્જે કરાઈ હતી.

આ કામગીરી રાજકોટ રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગી, પીએસઆઈ બી.સી.મિયાત્રા, એએસઆઈ અતુલભાઇ ડાભી, જયવિરસિંહ રાણા, સંજયભાઇ નિરંજની, હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, અરવિંદભાઇ દાફડા, હિતેષભાઇ અગ્રાવત, અમિતભાઇ કનેરીયા, વિજયભાઇ વેગડ, કોન્સ્ટેબલ શિવરાજભાઇ ખાચર, વિજયગીરી ગૌસ્વામી, રઘુભાઇ ઘેડ, ચિરાગભાઇ કોઠીવાર દ્વારા કરવામાં આવી હતી.

# રાજકોટ પેરોલ પર મુકત ફરાર કેદી રૂરલ એલસીબી હાથે પકડાયો



રાજકોટ,

રાજકોટ ડબલ મર્ડરના ગુન્હામાં આજીવન કેદની સજા પડેલ કેદી પરોલ પર બહાર નીકળી ફરાર થઈ ગયો હતો. જેને રાજકોટ રૂરલ એલસીબી ટીમે મહારાષ્ટ્રના પુનામાંથી પકડી પાડી જેતપુર સીટી પોલીસને સોંપી દીધેલ છે.મળતી વિગતો મુજબ ચોવીસ વર્ષ પહેલા રાજકોટ રેલવે ક્વાર્ટરમાં રેલ કર્મીના પુત્રની હત્યા થઈ હતી. આ મર્ડરનો આરોપી વડોદરા મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા ભોગવતો ત્યારે પેરોલ રજા મેળવી છેલ્લા એક વર્ષથી ફરાર હતો. જેની શોધખોળ શરૂ હતી. જે અનુસંધાને રાજકોટ રૂરલ એલ.સી.બી.નો સ્ટાફે મર્ડરના આરોપીને મહારાષ્ટ્રના પુના જિલ્લાના રાંજણગામ વિસ્તારમાંથી રમેશ નરશીભાઈ (ઉ.વ.૪૭ રહે- જેતપુર બોખલા દરવાજા પાસે હુસેની ચોક જી. રાજકોટ) ને પકડી પાડયો હતો.

આ કામગીરીમાં રાજકોટ રૂરલ એલ.સી.બી.ના પીઆઈ વી.વી. ઓડેદરા, પીએસઆઈ ડી.જી. બડવા, એચ.સી.ગોહીલ થતા એ.એસ.આઈ અનીલભાઈ બળકોદીયા, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, હેડ કોન્સટેબલ નિલેશભાઈ ડાંગર, દિવ્યેશભાઈ સુવા, રાજુભાઈ સાંબડા, હરેશભાઈ પરમાર, કોન્સટેબલ અબ્દુલભાઈ શેખ રોકાયેલ હતાં.

# રાજકોટના નાગેશ્વર શ્યામલ એપાર્ટમેન્ટમાં યુવાનનું બેભાન હાલતમાં મોત



રાજકોટ,

રાજકોટ શહેરનાં નાગેશ્વર વિસ્તારમાં શ્યામલ એપાર્ટમેન્ટનો યુવક રાત્રે સુતા બાદ ઉઠ્યો જ નહિ. યુવકને કેન્સરની સારવાર શરૂ હતી. યુવકનું બેભાન હાલતમાં મોત નિપજતાં તેઓના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

મળતી વિગતો મુજબ લખન હરેશભાઈ પરમાર (ઉ.વ.૩૦ રહે- શ્યામલ એપાર્ટમેન્ટ પટેલ ચોક નાગેશ્વર, રાજકોટ) નામનો યુવક રાત્રે સુતા બાદ ઉઠ્યો જ નહી. પરિવારજનોએ જગાડવાનો પ્રયત્ન કર્યો છતાં પણ ન ઉઠતાં આજે સવારે યુવકને બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર મળે તે પહેલાં જ યુવકનો શ્વાસ થંભી ગયો હતો. યુવક મજુરી કામ કરતો હતો. તેને ત્રણ વર્ષથી કેન્સર હતું. તેઓ બે ભાઈ અને એક બહેનમાં વચેટ હતો. એક ના એક દિકરાએ પિતાની છત્રછાયા ગુમાવતાં મૃતકના પરિવારમાં કલ્પાંત છવાયો છે. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

# રાજકોટમાં સગીર વયની સાળીને બનેવીએ બિભત્સ મેસેજ કર્યા : ભાઈએ મોબાઈલ ચેક કરતાં ભાંડો ફૂટ્યો

રાજકોટ,

રાજકોટમાં ૧૨ વર્ષની બાળકીને તેના સગા બનેવીએ ખરાબ કૃત્ય કરવાના ઈરાદે બિભત્સ મેસેજ અને વાતચીત કરી છેડતી કરી હતી. બાદમાં બાળકીના મોટા ભાઈએ મોબાઈલ ચેક કરતાં ભાંડો ફૂટ્યો હતો. બનાવ અંગે મહિલા પોલીસે પોક્સો સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાં તજવીજ હાથ ધરી હતી.બનાવ અંગે રાજકોટમાં રહેતાં ૨૩ વર્ષના યુવકે નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે તેના સગા બનેવીનું નામ આપતા મહિલા પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ પોક્સો, છેડતી સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તે ડ્રાઈવિંગ કામ કરે છે અને ચાર ભાઈ ત્રણ બહેનમાં વચ્ચેટ છે. તેમની મોટી બહેનના લગ્ન છ વર્ષ પહેલાં રાજકોટમાં રહેતા યુવાન સાથે થયાં હતાં. જે બાદ તેમની સૌથી નાની બહેન ૧૨ વર્ષની છે. જે તેમની સાથે રહે છે અને ઘરની નજીકમાં આવેલ તે કલાસિસ કરવા જાય છે. તેમની માતાનું વર્ષ ૨૦૧૮ માં અવસાન થયેલ છે.

વધુમાં ઉમેર્યું કે, તે ઘરે હતો ત્યારે ઘરનો મોબાઈલ ચેક કરતાં તે ચોંકી ગયો હતો. જેમાં તેમની નાની બહેન સાથે તેમના બનેવીએ બીભત્સ વાતો કરેલ હોવાનું જોવા મળ્યું હતું. તેમની બહેનનો ભોળપણનો ફાયદો ઉઠાવી આરોપીએ બદકામના ઈરાદાથી ફોનમાં મેસેજ અને વાતચીત કરી બીભત્સ માંગણી કરી હોવાનું સામે આવતાં તેઓએ તેમની બહેનને ઓઉછતાદ તે ભાંગી પડી હતી. અને વાત કરી હતી કે, આરોપી તેને છેલ્લા દોઢ મહિનાથી હેરાન કરી ખરાબ મેસેજ કરે છે અને કોઈને કહીશ તો તારી બહેન સાથે સબંધ તોડી નાંખીસ અને તેનો પુત્ર પણ રખડતો થઈ જશે તેવી ધમકી આપતો હતો. જેથી બહેનનું લગ્ન જીવન ટકાવવા માટે તેણીએ કોઈને વાત કરી ન હતી. તેમજ બદકામ કરવા માટે મળવા પણ દબાણ કરતો હોવાનું જણાવ્યું હતું.જે અંગેની ફરિયાદ પરથી મહિલા પોલીસે ગુનો નોંધી પીઆઈ ઈલાબેન સાવલિયાની રાહબરીમાં પીએસઆઈ એફ.બી.ગગનીયા અને ટીમે આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર 'મીની બાર' પર પોલીસના દરોડોઃ દારૂ ઢીંચતા ૧૬ ઝડપાયા

રાજકોટ,

રાજકોટ શહેરના થોરાળા વિસ્તા રમાં અગાઉ બે વખત પોલીસે દેશી દારૂના મીનીબાર પકડી લઈ નશાખોરોની અને બાર ચલાવનારાઓની ધરપકડ કરી હતી. દરમિયાન તાલુકા પોલીસે બાતમી પરથી ૧૫૦ ફુટ રીંગ રોડ પર પુનિતનગર પાસે વૃંદાવનનગર-૧૫માં રહેતાં શખ્સુના ઘરમાં દરોડો પાડી દેશી દારૂનો બાર ચલાવતાં પકડી લઇ રૂા. ૧૦૦નો પાંચ લિટર દારૂ કબ્જેપ કરી ૧૬ શખ્સોૂને દારૂ પીધેલી હાલતમાં પકડી લીધા હતાં.આ શખ્સોૂ ગ્લોસમાં દેશી દારૂ સાથે કોલ્ડ્રી હક્સો ભેળવી પીતા હતાં. નમકીનના પડીકા પણ પોલીસને મળ્યાદ હતાં. પોલીસે દારૂ પીતા વિક્રમ બટુકભાઇ પરમાર (ઉ.૫૧-રહે. લાભદીપ સોસાયટી-૧૨, મવડી ચોકડી), અરવિંદ જીવણભાઇ ચાંડપા (ઉ.૩૮-રહે. પાળ તા. લોધીકા), લાલુભા રાજેન્દ્ર સિંહ જાડેજા (ઉ.૩૯-રહે. પુનિતનગર-૯ પાણીના ટાંકા પાસે), રાજુ કાળુભાઇ ડાકી (ઉ.૩૫-રહે. પુનિતનગર મેઇન રોડ), જયસુખ માયાભાઇ રાઠોડ (ઉ.૫૧-રહે. ગૌતમબુધ્ધસનગર-૧ વાવડી), અતુલ બાબુભાઇ ભટ્ટી(ઉ.૪૧-રહે. જુનુ ગણેશ નગર-૬ કોઠારીયા રોડ), ભાવેશ નાગજીભાઇ કોરાટ (ઉ.૪૩-રહે. વાવડી પ્રાથમિક શાળા સામે), નવીન કિશોરભાઇ રાઠોડ (ઉ.૪૫-રહે. ગૌતમબુધ્ધોનગર-૪), શૈલેષ ભીખાભાઇ મકવાણા (ઉ.૪૩-રહે.પાળ ગામ), કાંતિલાલ મંગાભાઇ ચૌહાણ (ઉ.૩૬-રહે. ચામુંડાનગર-૪), જયેશ જયશંકર પંડિત (ઉ.૪૮-રહે. ઉદયનગર-૧, શેરી-૨૩), કિરીટ પુનાભાઇ રાઠોડ (ઉ.૪૨-રહે. ગૌતમબુધ્ધસનગર-૫), કરીમ બાવદીનભાઇ સમા (ઉ.૪૬-રહે. જંગલેશ્વર-૩૩), હેમાંગ હરેશભાઇ દવે (ઉ.૪૯-રહે. જુની પપૈયાવાડી-૨ ગુરૂપ્રસાદ ચોક), લક્કીરાજસિંહ અજીતસિંહ જાડેજા (ઉ.૨૮-રહે. વિશ્વકર્મા સોસાયટી પાસે), રવિ વિનોદભાઇ વડાલીયા (ઉ.૩૪-રહે. સત્યસમ હિલ્સડ બ્લોયક નં. ૧૦૦૧ મટુકી પાસે) જણાવ્યા હતાં. ઘરધણી સામે રૂા. ૧૦૦નો પાંચ લિટર દારૂનો અને બાકીના ૧૬ વિરૂધ્ધી મહેફીલ માણવાનો ગુનો નોંધાયો હતો.

પીઆઇ ડી. એમ. હરીપરાની રાહબરીમાં પીએસઆઇ કે. એચ. કારેણા, અલ્પાગબેન સાંગાણી સહિતે આ કાગમીરી કરી હતી. કેટલા સમયથી આ દેશીની મહેફીલ મંડાતી હતી? તે સહિતના મુદ્દે વધુ તપાસ થઇ રહી છે.